

કર્મની હયાતી છતાં, વિકારની હયાતી છતાં, અલ્પજ્ઞતાની હયાતી છતાં જેનો દૃષ્ટિમાં નિષેધ થઈ ગયો; છતાને અછતા કર્યા અને ભગવાન પૂર્ણાનંદ પર્યાયમાં અછતો, અપ્રગટ, છતાં શ્રદ્ધા-જ્ઞાનમાં તેને છતો કર્યો એનું નામ જ અમલ છે (—સમ્યગ્દર્શન છે).

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સંવત-૧૨ □ (૫૮૧) ❋ આત્મધર્મ ❋ (અંક-૬ વર્ષ-૪૮) □ વીર સં. ૨૫૧૮ માર્ચ, ૧૯૯૨

સુવર્ણપુરીમાં સમ્યક્ત્વ-મહિમાનો સ્વર્ણીય અવસર

સમ્યક્ત્વતીર્થ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો

૬૦ મો

# 卐 સમ્યક્ત્વજયંતી–મહોત્સવ 卐

[ તા. ૨૪-૩-૯૨ થી તા. ૨૮-૩-૯૨ ]

સમ્યક્ત્વતીર્થપ્રભાવક પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી-સ્વામીના પરમ ભક્ત સમ્યક્ત્વતીર્થ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો ૬૦ મો વાર્ષિક સમ્યક્ત્વજયંતીનો મંગલ મહોત્સવ (ફાગણ વદ ૧૦) અધ્યાત્મઅતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં અત્યંત આનંદ ઉલ્લાસપૂર્વક ઉજવવાનો નિર્ણય થયો છે તદનુસાર સુવર્ણપુરી તીર્થધામમાં તા. ૨૪–૩–૯૨, મંગળવારથી તા. ૨૮–૩–૯૨, શનિવાર સુધી આ સમ્યક્ત્વજયંતી–મહોત્સવ 'શ્રી ચૌંસઠઋદ્ધિમંડલવિધાન-પૂજા', પરમ કૃપાળુ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમાભરપૂર આધ્યાત્મિક ટેપ-પ્રવચનો, દેવ–ગુરુ–ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો-ધર્મચર્ચા ઇત્યાદિ અનેકવિધ રોચક ધાર્મિક કાર્યક્રમ સહ અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. સમ્યક્ત્વપ્રેમી સર્વે મુમુક્ષુઓને આ સમ્યક્ત્વમહિમાવર્ધક અનુપમ અવસરનો લાભ લેવા પધારવા હાર્દિક અનુરોધ છે.

નિમંત્રક

પ્રમુખ : હસમુખલાલ પોપટલાલ વોરા,

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ

કહાન
સંવત–૧૨
વર્ષ–૪૮
અંક–૯
[ ૫૯૧ ]

વીર
સંવત
૨૫૧૮
સં. ૨૦૪૮
MAR,
A.D. 1992




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# રાગાદિથી શૂન્ય, અનંત ગુણથી ભરપૂર ભગવાન આત્મા

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૬ )

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેના પ્રથમ અધિકારની ૫૫ મી ગાથા શરૂ કરીએ છીએ.

શિષ્યે ચાર પ્રશ્નો પૂછેલાં તેમાંથી ત્રણનો ઉત્તર આવી ગયો. અહીં ચોથા પ્રશ્નનો ઉત્તર આપે છે કે, આત્મા આઠ કર્મ અને અઢાર દોષોથી રહિત છે તથા વિભાવ-ભાવોથી રહિત છે, એ અપેક્ષાએ શૂન્ય કહેવાય છે પણ કેવળજ્ઞાનાદિ ગુણોની અપેક્ષાએ શૂન્ય નથી, સદા પૂર્ણ જ છે.

આગળ ત્રણ વાત કહી હતી તેમાં એક તો 'આત્મા સર્વગત છે' એટલે કે, આત્માનું જ્ઞાન આખા લોકાલોકને–સર્વને જાણે છે માટે વ્યવહારથી આત્માને સર્વગત કહેવાય પણ તે કાંઈ લોકાલોકમાં ફેલાતો નથી. એ તો પોતાના અસંખ્યપ્રદેશમાં રહેલો છે તે નિશ્ચય છે. બીજું આત્મા જડ છે. કેવી રીતે? — કે, જ્યારે ઇન્દ્રિયજ્ઞાનનું લક્ષ છોડીને અંતર અતીન્દ્રિય સ્વરૂપમાં એકાકાર થાય છે ત્યારે તે શાંતિના વેદનકાળમાં આત્માને ઇન્દ્રિયજ્ઞાન હોતું નથી એ અપેક્ષાએ તેને ઇન્દ્રિયજ્ઞાન વિનાનો જડ કહેવાય છે પણ તેના સ્વભાવના જ્ઞાનનો અભાવ નથી. ત્રીજું, આત્મા શરીરપ્રમાણ આકારવાળો છે.

હવે ચોથા પ્રશ્નમાં શિષ્યે પૂછ્યું હતું કે, આત્મા શૂન્ય છે? તેના સમાધાનમાં યોગીન્દ્રદેવ કહે છે કે હા, કોઈ અપેક્ષાએ આત્માને શૂન્ય કહી શકાય છે. કેવી રીતે? —

કે, અનંતા સિદ્ધોનો અને આ દરેક જીવનો અંતરસ્વભાવ આઠ કર્મ અને વિકારીભાવથી ખાલી છે માટે એ અપેક્ષાએ તેનાથી આત્મા શૂન્ય છે પણ પોતાના અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવથી તો તે ભરેલો છે, પૂર્ણ છે. સ્વભાવથી ખાલી નથી.

સિદ્ધ ભગવાનને જ્ઞાનાવરણાદિ આઠ કર્મ અને ક્ષુધા, તૃષા, જન્મ-જરા આદિ અઢાર દોષોનો અભાવ છે તેમ દરેક સંસારી જીવોના મૂળ સ્વરૂપમાં પણ આઠ કર્મ અને અઢાર દોષ નથી માટે પર અને વિભાવથી આત્માને શૂન્ય કહેવાય છે. જેમ એક આંગળીનો બીજી આંગળીમાં અભાવ છે માટે એક આંગળી બીજી આંગળીથી શૂન્ય છે પણ એક આંગળીમાં પોતામાં પોતાનો અભાવ નથી તેમ દરેક જીવ પોતાના જ્ઞાન, દર્શનાદિ સ્વભાવથી શૂન્ય નથી.

પ્રવચનસારમાં પાઠ છે કે, દરેક પદાર્થ પોતાના સ્વભાવથી અશૂન્ય નામ ભરેલો છે અને પરથી શૂન્ય છે – ખાલી છે. એ ન્યાયે, આત્મા પોતાના જાણવું-દેખવું, આનંદ, શાંતિ, અસ્તિત્વ, વસ્તુત્વ, સ્વચ્છત્વ, પ્રભુત્વ આદિ સ્વભાવથી અશૂન્ય છે એટલે કે ભરેલો છે અને પરદ્રવ્યથી તે શૂન્ય છે. જો પરદ્રવ્ય આત્મામાં આવી જાય તો બે દ્રવ્ય એક થઈ જાય અને તો બે દ્રવ્ય જ ન રહ્યાં. પણ એમ બનતું જ નથી. આત્મા ત્રણેકાળ પરદ્રવ્યથી શૂન્ય છે અને સ્વભાવથી ભરપૂર છે.

પ્રશ્ન :—આત્મા પરદ્રવ્યથી શૂન્ય ક્યારે છે ? સિદ્ધ થાય ત્યારે ને ! પૂજ્યશ્રી– ક્યારે શું ? અત્યારે આત્મા પરદ્રવ્યથી શૂન્ય છે. સિદ્ધ થાય ત્યારે તો પર્યાયમાં પણ આત્મા પરદ્રવ્ય અને વિભાવથી શૂન્ય થઈ જાય છે પણ શક્તિએ તો આત્મા અત્યારે પણ પરદ્રવ્યથી અને વિભાવથી શૂન્ય છે. જુઓ ! આ શેઠના પૈસા તમારા નથી ને ! એ તો ખરું, પણ જેને તમારા કહેવાય છે એ પૈસા પણ તમારા નથી કેમ કે, પરદ્રવ્યથી આત્મા શૂન્ય છે.

આત્મા એક જાણવાના સ્વભાવવાળું તત્ત્વ છે. તે જાણે છે...જાણે છે...તેમાં માત્ર જાણવું જ નથી પણ આ છે એવું તેનું અસ્તિત્વ છે, આ છે એવી તેની શ્રદ્ધા છે, જાણવામાં ટકે છે તે ચારિત્ર છે, જાણવું ટકાવી રાખવું તે વીર્ય છે. આમ, હોવાવાળા આત્મામાં આવા અનંતગુણો છે. અનંત શક્તિથી ભરેલો ભગવાન છે. એ જ ભગવાન વિભાવ અને શરીર, કર્માદિથી ખાલી છે–શૂન્ય છે.

જોયું ? આત્મા દુઃખની દશાથી ખાલી છે એમ કહ્યું છે. શરીરનો રોગ, શરીર, આઠ કર્મ, પુણ્ય-પાપના ભાવ અને આ રોગ મને દુઃખદાયક છે એવો જે વિકલ્પ એ બધાંથી આત્મા ખાલી છે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા, આ બધાં વિકારથી

શૂન્ય છે. ક્યારે? કે અત્યારે. અરે! એને એનું હોવાપણું કેવું છે, કેવડું મોટું છે એની ખબર નથી અને દુનિયાના મોટાં ડાહ્યા થઈને બેઠા છે. એ બધાં સંસારનાં રખડનારાં છે.

જેની ભૂમિકામાં જેની હયાતીમાં આ બધું જણાય છે એ ચીજ છે કે નહિ? એ ચીજ આત્મા જ છે અને તેમાં જ્ઞાન આનંદ આદિ ભરેલાં છે પણ તેમાં જે જણાય છે એ પરચીજ તેનામાં નથી. ભાઈ! હજુ તો આ એકડો પહેલાં શીખવો પડશે.

ભાવાર્થ:—આ આત્માને શુદ્ધનિશ્ચયનયથી જ્ઞાનાવરણાદિ આઠ દ્રવ્યકર્મ નથી, ક્ષુધાદિ દોષોના કારણભૂત કર્મોનો નાશ થઈ જવાથી ક્ષુધા, તૃષાદિ અઢાર દોષો કાર્યરૂપ નથી અને સત્તા, ચૈતન્ય, જ્ઞાન, આનંદ આદિ શુદ્ધ પ્રાણ હોવા છતાં ઇન્દ્રયાદિ દશ અશુદ્ધપ્રાણ નથી માટે સંસારીજીવોને પણ શુદ્ધનિશ્ચયથી શક્તિરૂપે શુદ્ધપણું છે. એક સમયની દશામાં પુણ્ય-પાપના ભાવ, સુખ-દુઃખના ભાવ, આઠ કર્મનો સંબંધ આદિ બધું છે પણ સ્વરૂપમાં તે નથી, કેમ કે જો સ્વરૂપમાં તે હોય તો તેનાથી છૂટીને તે પરમાત્મા થઈ શકે નહિ.

આત્માની શાંતિનું પ્રયોજન સિદ્ધ કરવું છે તે ક્યારે થાય કે, અશાંતિના વિકલ્પો અને કર્મોનો સંબંધ જેમાં નથી અને ચૈતન્ય, સત્તા, જ્ઞાન-આનંદ આદિ સ્વભાવથી જે ભરચક છે એવા આત્માની દૃષ્ટિ કર્યા વિના શાંતિ પ્રગટ થાય તેમ નથી. હું રાગવાળો છું, કર્મવાળો છું, દુઃખી છું એવી દૃષ્ટિથી દુઃખી તો છે જ. હવે તેને સ્વતંત્ર અને સુખી થવું છે ને!—ધર્મ પ્રગટ કરવો છે ને! તો ધર્મી એવો ભગવાન આત્મા કે જે, અનંત અનંત બેહદ જ્ઞાન, શાંતિ આદિથી ભરેલો છે અને પુણ્ય-પાપના વિકાર, કર્મ, શરીરાદિથી શૂન્ય છે તેના ઉપર દૃષ્ટિ આપવાથી ધર્મની શરૂઆત થાય છે—દુઃખથી છૂટીને મોક્ષમાર્ગમાં ચઢવાની શરૂઆત થાય છે.

આમ, નિશ્ચય અને વ્યવહાર બંને છે. નથી એમ નથી પણ તારે કોની સામે જોવું છે? મહાન ચિદાનંદ ચૈતન્યસત્તા સામે જોવું છે કે વર્તમાનદશામાં વિકાર અને કર્મનો સંબંધ છે તેની સામે જોવું છે! વ્યવહારે વર્તમાન દશામાં તેની સાથે સંબંધ છે અને તેના ઉપર તો અનાદિથી તારી દૃષ્ટિ છે જ. એની એ રાખવી છે કે આખી ચૈતન્યસત્તાની દૃષ્ટિ કરવી છે!

આત્મસિદ્ધિમાં આવે છે કે ઘટ-પટ આદિ જાણ તું, તેથી તેને માન. પણ એલા! જાણનારને જાણ નહિ, એ કેવું તારું જ્ઞાન? આ શરીર છે, આ પુણ્ય છે, આ પાપ છે, આ રાગ છે, આ કર્મ છે, આ સંયોગ છે...બધું છે. હવે તારે એમાં જ રહેવું

છે! એમાં તો તું અનાદિથી રહ્યો જ છો અને એટલે તો તું દુઃખી છો. હવે એ દુઃખના દહાડા ટાળવા છે કે નહિ? તને એમ છે કે જેને દીકરાનું અને પૈસાનું સુખ છે તે સુખી છે. મારે એ નથી માટે હું દુઃખી છું ભાઈ! તું જઈને બધાંને પૂછી આવ કે કોણ સુખી છે? દરેક દુઃખી છે. કોઈ સુખી નથી. પરદ્રવ્ય અને પરભાવને પોતાના માને છે તે બધાં દુઃખી જ છે. કેમ કે જેવું સ્વરૂપ છે તેવું ન માનવું તે અસત્ય છે અને અસત્ય હંમેશા દુઃખરૂપ જ હોય.

ભગવાન સિદ્ધ પરમાત્માને આઠ કર્મ નથી, અઢાર દોષ નથી, વિભાવ નથી. તેમ શુદ્ધ ચૈતન્યસત્તાને જોવાવાળા જ્ઞાનથી જોઈએ તો આ આત્મા પણ પોતાના જ્ઞાન, સુખાદિ સ્વભાવથી પૂર્ણ ભરેલો છે અને તેનામાં પુણ્ય-પાપના વિકાર, સુખ-દુઃખાદિ વિકલ્પ, અઢાર દોષ અને કર્મસંયોગનો અભાવ છે. જેમ સિદ્ધભગવાનને અશુદ્ધ દશ પ્રાણ નથી પણ સત્તા, દર્શન, જ્ઞાન, આનંદ આદિ શુદ્ધ પ્રાણ છે તેમ આ આત્મા પણ સત્ છે એટલે હોવાવાળું તત્ત્વ છે તેને શુદ્ધ ચૈતન્યસત્તા છે, દર્શન છે, જ્ઞાન છે, આનંદ છે એવા તો અનંત ગુણ છે અને રાગાદિ વર્તમાન વિકારનો તેનામાં અભાવ છે માટે શુદ્ધ નિશ્ચયનયથી સંસારી આત્માને પણ શક્તિરૂપે શુદ્ધપણું છે.

લાભપાંચમના ધંધો શરૂ કરે છે ને! તેમ આ ધંધો શરૂ કરવા જેવો છે. બે હોવાપણાંના બે ભાગલાં છે. એક અખંડાનંદ પૂર્ણશુદ્ધ ચૈતન્યભાગ છે અને એક વર્તમાન કર્મસંયોગ અને પુણ્ય-પાપના વિકારનો ભાગ છે. બેમાંથી જે સારો ભાગ હોય તે લઈ લે! સંસારમાં તો સારો ભાગ હોય એ લઈ લે છો ને! તેમ આમાં પણ સારો ભાગ ઉપાડ!

શરીરનો સંયોગ છે એ તો વર્તમાન પૂરતો છે, કર્મ અને પુણ્ય-પાપનો સંયોગ એ પણ વર્તમાન પૂરતો છે અને એ ભાગ તો તું અનાદિથી લઈને બેઠો છો પણ કોઈ 'દી સુખી થયો નથી માટે હવે આ લહલહતો આનંદનો નાથ ભગવાન આત્મા જે ત્રિકાળ છે જેને તેં કદી આદર્યો નથી તેને સંભાળી લે તો તું સુખી થઈશ. તે ભાગ કેવો છે? કે ભરિતાવસ્થ છે એટલે અનંતગુણનો દરિયો છે, તેમાં એવડી ખાણ છે કે એકાગ્ર થઈને કાઢ તો કેવળજ્ઞાન અને કેવળદર્શન અનંત કાળ સુધી નીકળ્યા જ કરે એટલી મોટી ખાણ છે. હવે તું જ વિચાર કર કે આ ખાણને સ્વીકારવી કે વિકાર, શરીર અને કર્માદિને સ્વીકારવા છે?

પુણ્ય-પાપ અને શરીરને સારાં માનવામાં તો રોકડું દુઃખ છે-પ્રત્યક્ષ દુઃખ છે અને શુદ્ધ ચૈતન્ય-ખાણમાં એકાગ્ર થા તો ત્યાં રોકડું સુખ છે—પ્રત્યક્ષ આનંદ છે.

હવે તું તારા ભાગની પસંદગી કરી લે! પાછળથી કજિયા કરીશ નહિ. કજિયાળા છોકરા હોય એ પિતાએ બધાંના ભાગના સરખા ભાગ પાડ્યાં હોય પણ ભાગ ખાઈને પાછળથી કજિયો કરે કે મારો ભાગ નાનો હતો તેમ અહીં કહે છે ભાઈ! તે આ પુણ્ય-પાપ મારાં અને શરીર મારાં એવો કજિયો ઊભો કર્યો છે તે છોડી દે. એ તારી ચીજ નથી, તારામાં ટકીને રહે એવી એ ચીજ નથી. તું તારો ત્રિકાળ સુખરૂપ એવો ચૈતન્યભાગ લઈ લે!

શુદ્ધ અને સત્ સ્વભાવને જોઈએ તો તે ત્રિકાળ શુદ્ધ જ છે, સત્ જ છે અને તે પુણ્ય-પાપના ભાવ, જે કૃત્રિમ વિભાવ છે તેનાથી શૂન્ય જ છે. સ્વભાવથી ભરેલો છે અને વિભાવથી ખાલી છે એવું અસ્તિ-નાસ્તિ સ્વરૂપ જીવનું સ્વરૂપ છે. આ જ્ઞાન, આનંદથી ભરેલી મહાન સત્તા છે...એમ દૃષ્ટિમાં લેવાથી 'આ છે' એમ પ્રતીત થશે અને કૃત્રિમ ઉઠતા વિભાવ તેમાં નથી એમ નક્કી થશે. આવા સ્વભાવની શ્રદ્ધા કરતાં પર્યાયમાં શુદ્ધપણું, જ્ઞાન, આનંદ, શાંતિ આદિ પ્રગટ થશે એ જ તારા આત્માની પ્રસિદ્ધિ છે. રાગ, દ્વેષ અને પુણ્ય-પાપથી તું તારી પ્રસિદ્ધિ માને છો એ પ્રસિદ્ધિ નથી! પણ હેરાનગતિ છે.

મારે પુણ્ય ઘણું છે, શુભભાવ બહુ થાય છે, બહારમાં પુત્ર, પૈસા આદિનો શુભયોગ મારે ઘણો છે એમ પુણ્યથી તારી પ્રસંશા લેવા ઇચ્છે છો તેમાં તો ખરેખર તારી નિંદા થાય છે. હું પૂર્ણાનંદનો નાથ છું એની પ્રસંશા નહિ અને રાગથી, પુણ્યથી અને પુત્રાદિથી પોતાની પ્રસંશા માને છો એ તો ગૂમડાં નીકળ્યાં તેમાં ખુશી થવા બરાબર છે. અમે તો પૈસાવાળા, અમે તો પુણ્યવાળા, અમારું તો કુટુંબમાં કેટલું માન છે, નાતમાં કેટલું માન છે, અમે તો માન-મોટાઈવાળા છીએ એમ જેને તેમાં ખુશીપણું છે તેને કેટલાં વાળા વળગ્યા છે! શરીરમાં વાળાનો રોગ થાય છે તેમ આ આત્માને આવી અનેક પ્રકારની મૂઢતાના વાળાનો રોગ લાગુ પડ્યો છે.

તારા પરમાનંદ તત્ત્વને દેખ ને! એ તો સર્વ વિભાવરોગથી શૂન્ય છે અને પોતાના સ્વભાવથી તો ભરચક ભરેલો છે પણ વિભાવથી શૂન્ય છે. અરે! એને પોતાની ઈશ્વરતાની શ્રદ્ધા આવતી નથી. મારામાં ઈશ્વરતા હોય!...એને તો પામરતા બેસે છે અને પામરતાની પ્રસંશા આવે છે, પ્રભુતાની પ્રસન્નતા આવતી નથી. માટે તે પર્યાયમાં પ્રભુ થઈ શકતો નથી.

ભગવાન આત્માને તેના કાયમી શુદ્ધસ્વભાવથી જોઈએ તો એ રાગથી શૂન્ય છે પણ પર્યાયમાં અંશે રાગ છે. સિદ્ધભગવાનને તો પર્યાયમાં પણ રાગ નથી. કેમ કે,

સંસાર અવસ્થા વખતે જ તેઓ જેમાં રાગ નથી એવા સ્વભાવને ઓળખીને તેમાં ઠર્યા હતા તો પર્યાયમાં પણ રાગથી રહિત થઈ ગયા. ઇચ્છા, રાગ-દ્વેષ આદિ કોઈ વિભાવ સિદ્ધભગવાનને નથી.

અજ્ઞાની તો બહારમાં કોઈ સારો કહે ત્યાં તો માનમાં વેચાય જાય છે. જેની પાસે હામ, દામ ને ઠામ એટલે હિંમત, પૈસા અને રહેવાને મકાન છે તેને હવે શી ખામી છે એમ એને થાય છે. પણ ભાઈ! તારે સુખની જ ખામી છે, તું તો દુઃખથી ભરેલો છો. તું જેને હામ, દામ ને ઠામ માને છો એ હામ, દામ ને ઠામ નથી. જેમાં અનંત બળ છે, જેમાં અસંખ્યપ્રદેશી પોતાનું ક્ષેત્ર છે અને અનંત ગુણરૂપી લક્ષ્મી છે તેને હામ, દામ ને ઠામ છે, તે ખરેખર સુખી છે.

આત્માને પુણ્ય-પાપના વિકારવાળો માનવો એ મહા ભ્રાંતિ છે પણ એ પોતાને તો વિકાર અને સંયોગથી મોટો માને પણ બીજાને પણ તેનાથી મોટો માને. બીજાને પુત્ર, પૈસાદિની અનુકૂળતા જોઈને પોતાને પેટમાં બળે કે અરે! પેલાને બધું અનુકૂળ છે અને મારે કાંઈ નહિ. એમ દુઃખી થાય...અથવા તો અમે પહેલાં રળયાં હતાં તો અત્યારે શાંતિથી બેસીને રોટલાં ખાઈએ છીએ એવી ભ્રાંતિ કરે છે. આમ, પરદ્રવ્યથી પોતાની અધિકાઈ અને પ્રસંશા સ્વીકારે છે અને પરની પણ તેનાથી અધિકાઈ માને છે તે પોતાની દૃષ્ટિમાં ચૈતન્યનું ખૂન કરે છે.

સિદ્ધ ભગવાન શક્તિ અને વ્યક્તિ બંને અપેક્ષાએ સ્વભાવથી પૂર્ણ છે અને વિભાવથી શૂન્ય છે અને સંસારી દરેક જીવ શક્તિએ પૂર્ણ છે અને વિભાવથી શૂન્ય છે. પરંતુ જેમ બૌદ્ધમતી આત્માને સર્વથા શૂન્ય માને છે એમ નથી. જ્ઞાનાદિ ગુણોથી તો વસ્તુ સદાય પૂર્ણ છે. બૌદ્ધો આત્માનું શૂન્ય થવું તેને જ મોક્ષ કહે છે ત્યારે અહીં કહે છે વિભાવથી શૂન્ય થવું તે મોક્ષ છે, સ્વભાવથી શૂન્ય થવું તે મોક્ષ નથી.

શ્રોતાઃ—બૌદ્ધો આ વાત સાંભળે તો કાંઈ ફેર ન પડે?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—જેના આત્મામાં અંદર શલ્ય બેસી ગયું હોય તેને માત્ર સાંભળવાથી શું ફેર પડે! કમળાવાળાને બધું પીળું જ દેખાય છે તેને બીજો કહે કે વસ્તુ પીળી નથી, સફેદ છે પણ તેને એ વાત બેસે નહિ. તેમ વસ્તુસ્વરૂપનું ભાન નથી તેને બધું વિપરીત જ દેખાય છે. મોટા ભણેલાં-ગણેલાં હોય તેને પણ અહીં તેનું ભણતર કામ લાગે તેમ નથી.

ભગવાન સિદ્ધ હો કે સંસારી જીવ હો તે પોતાના સ્વભાવથી કદી ખાલી ન હોય. અહો! એના સ્વભાવની અનંતતાનું શું કથન થાય! તેનામાં સંખ્યાએ અનંત

અનંત અને સામર્થ્યમાં પણ અનંત અનંત એવો સ્વભાવ ભરેલો છે તેનાથી તે અશૂન્ય છે અને વિકારથી શૂન્ય છે માટે સર્વથા શૂન્ય છે એમ નથી.

આવું જ કથન શ્રી પંચાસ્તિકાયમાં પણ છે " जैसिं जीवसहावो " ઇત્યાદિ. તેનો અભિપ્રાય એવો છે કે જેમ સોળવલું સોનું તદ્દન શુદ્ધ થઈ ગયું છે તેમ સિદ્ધભગવાનની પર્યાય તદ્દન શુદ્ધ થઈ ગઈ છે. તે ભગવાન દેહથી અને વચનના વિષયથી રહિત છે, એકલો ચૈતન્ય હીરલો, પૂર્ણાનંદનો કંદ પ્રભુ, રાગ અને શરીરથી, વાણીથી ભિન્ન પડી ગયેલો, સ્વભાવથી અભિન્ન દશામાં રમતો પરમાત્મા બની ગયો છે. આ ભગવાન આત્મા વચનથી અગમ્ય છે. અરે! ઘી જેવી જડની વસ્તુનો સ્વાદ પણ વચનથી કહી શકાતો નથી—કોઈની ઉપમા આપી શકાય એવો તેનો સ્વાદ નથી. એ સ્વાદ જણાય ખરો પણ કહી ન શકાય. તો આ ચૈતન્યનો સ્વભાવ વચનથી કેવી રીતે કહી શકાય!

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો,
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે, અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.

અહો! પુણ્ય અને પાપથી રહિત સિદ્ધના સ્વરૂપને વાણીથી શી રીતે કહી શકાય! વાણીથી જે કહેવામાં આવ્યું છે તે તો બધું સ્થૂળ સ્થૂળ રીતે કહ્યું છે. વિકાર અને શરીરથી રહિત ભગવાન આત્માનું સ્વરૂપ જ્ઞાનમાં આવવા છતાં વાણીમાં તેનું ચિતરામણ થઈ શકતું નથી માટે તેને વાણીથી અગોચર કહ્યો છે. આત્માના જ્ઞાનમાં શરીર, વાણી, મન, કર્મ આદિ બધું ગમ્ય છે પણ તેને આત્મા ગમ્ય થતો નથી. આત્મા એક જ્ઞાનથી ગમ્ય છે બાકી બધી વાતો છે. માટે સિદ્ધભગવાનના આત્માને જોવો હોય તો તું તારું સ્વસંવેદનજ્ઞાન પ્રગટ કર! તો તેના વડે સિદ્ધ કેવા છે એનો અનુભવ તને થઈ જશે.

એક સ્તુતિમાં આવે છે કે બીજું કાંઈ ન માગું, સ્વામી! એક કેવળજ્ઞાની ચૈતન્ય આત્મા મને જ્ઞાનમાં પ્રત્યક્ષ થાઓ એટલું માગું છું. કેમ કે જ્ઞાન સિવાય કોઈ અન્ય મન, વાણીથી આત્મા ગમ્ય થાય તેવો નથી, માત્ર ઈશારા થાય છે.

અહીં તાત્પર્ય એ છે કે મિથ્યાત્વ, રાગાદિ ભાવોથી શૂન્ય તથા એક ચિદાનંદ સ્વભાવથી પૂર્ણ જે પરમાત્મા કહેવામાં આવ્યો છે અર્થાત્ વિભાવથી શૂન્ય અને સ્વભાવથી પૂર્ણ એવો આત્મા છે તે જ ઉપાદેય છે. હું શરીરવાળો હઈશ, હું રાગવાળો હઈશ એવી બધી મિથ્યાભ્રાંતિઓથી ભગવાન આત્મા શૂન્ય છે અને એક ચિદાનંદ સ્વભાવથી પૂર્ણ છે તે જ ઉપાદેય છે.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૧૧ ]

# જિનવાણીને વંદન

[ શ્રી સમયસાર-કલશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

હવે આ બીજા કળશમાં જિનવાણીને વ્યવહારે નમસ્કાર કરે છે.

अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः ।
अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम् ॥ २ ॥

"नित्यमेव प्रकाशताम्" (नित्यं) સદા-ત્રિકાળ પ્રકાશ કરો. આટલું કહી અતીન્દ્રિય આનંદમાં રમણતા કરવાવાળા અમૃતચંદ્ર આચાર્યદેવે વાણીને નમસ્કાર કર્યા છે, જેમ સર્વજ્ઞપદ કાયમ રહો તેમ તેમની વાણી પણ કાય રહો એમ કહે છે. ત્રણકાળમાં ત્રણ-લોકને જાણવાવાળાનો વિરહ હોતો નથી તેમ અહીં કહે છે કે પ્રભુ! આપની વાણી સદા પ્રકાશ્યા કરો.

વર્તમાનમાં ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ સીમંધર પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. એવા અનંત તીર્થંકરો ભૂતકાળમાં થઈ ગયા અને અનંત ભવિષ્યમાં થશે. તીર્થંકરોને પૂર્ણ વીતરાગતા પ્રગટ થઈ ગઈ હોવાથી સારા શરીરમાંથી 'ૐ' એવી અભેદ (એકાક્ષરી) વાણી નીકળે છે. અહીં (સંસારી જીવોને) રાગ છે માટે ભાષા ભેદવાળી (ક્રમે) નીકળે છે. સર્વજ્ઞદેવની વાણીના અર્થને વિચારી ચાર જ્ઞાનના ધણી એવા ગણધરદેવ શાસ્ત્રની રચના કરે છે તથા લાયક પ્રાણીઓ તે વાણી સાંભળી સંશયને દૂર કરે છે.

હવે કહે છે કે જેને આચાર્યદેવે નમસ્કાર કર્યા તે કોણ છે!

"अनेकान्तमयी मूर्तिः" અનેકાંત અર્થાત્ સ્યાદ્વાદ તે-મય અર્થાત તે જ છે સ્વરૂપ જેનું, એવી જે સર્વજ્ઞની વાણી અર્થાત્ દિવ્યધ્વનિ, તેને નમસ્કાર કર્યો છે.

ભગવાનની વાણી કેવી છે?-કે તે એકપક્ષી (એકાંત) કહેનારી નથી, અનેકાન્ત છે. આત્મા અને જડના જે જે અનંત ધર્મો છે તેને કોઈ અપેક્ષાએ-સ્યાદ્વાદ કહે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યપણે નથી, તેમાં રહેલાં ગુણોમાં એક ગુણ બીજા ગુણપણે નથી તથા એક પર્યાય બીજી પર્યાયપણે નથી-એવો દરેક વસ્તુનો અનેકાન્ત સ્વભાવ છે, તેને કહેનારી ભગવાનની વાણી છે. મહાવિદેહમાં સીમંધર પરમાત્મા બિરાજે છે તેમની વાણી અનેકાન્તમય નીકળે છે તે વાણી ગણધરો સાંભળે છે એટલું જ નહીં તે વાણીને સાંભળવા જંગલમાંથી વાઘ, સિંહ અને નાગ એકદમ શાંત થઈને આવે છે.

આ અવસરે આશંકા ઊપજે છે—કોઈ જાણશે કે અનેકાન્ત તો સંશય છે, તેમાં કોઈ નિર્ણય તો આવતો નથી અને સંશય મિથ્યા છે. તેનું આમ સમાધાન કરવું—અનેકાન્ત તો સંશયનો દૂરી કરણશીલ છે અને વસ્તુસ્વરૂપનો સાધનશીલ છે. દરેક તત્ત્વ પોતાથી છે ને પરથી નથી તથા એક પર્યાય પોતાથી છે ને પરથી નથી એવું અનેકાન્ત જ સંશયનો નિવારક છે.

બનારસીદાસજી નાટક સમયસારમાં લખે છે ને કે "મુખ ૐકારધુનિ સુનિ અર્થ ગણધર વિચારે, રચી આગમ ભવિક જીવ સંશય નિવારે." દરેક વસ્તુ પોતાથી છે ને પરથી નથી તેમાં વસ્તુનો નિર્ધાર થાય છે માટે અહીં કહે છે કે સર્વજ્ઞ પરમેશ્વરની વાણીનો સ્વભાવ સંશયને દૂર કરવાનો છે. ભગવાનની વાણીમાં એવી તાકાત છે કે સાંભળવાવાળાનો સંશય નાશ થઈ જાય—દૂર થઈ જાય. ધનભાગ્ય હોય એને ભગવાનની વાણી સાક્ષાત્ સમવસરણમાં સાંભળવા મળે! અહા! ભરતક્ષેત્રમાં કેવળી પરમાત્માનો તો વિરહ પડયા છતાં વાણી રહી ગઈ, તે વાણી લક્ષમાં લે એના સંશય દૂર થાય જ, તેથી તે વાણી, આત્મા આનંદરૂપ છે અને દુ:ખરૂપ નથી, જ્ઞાનરૂપ છે ને જડરૂપ નથી એવા વસ્તુના સ્વરૂપને સાધનશીલ—પ્રકાશનારી છે.

હવે અનેકાન્તની વ્યાખ્યા કરે છે. જે કોઈ સત્તાસ્વરૂપ વસ્તુ છે તે દ્રવ્ય—ગુણાત્મક છે. તેમાં જે સત્તા અભેદપણે છે, દ્રવ્યરૂપ કહેવાય છે, તે જ સત્તા ભેદપણે ગુણરૂપ કહેવાય છે; આનું નામ અનેકાન્ત છે, વસ્તુસ્વરૂપ અનાદિનિધન આવું જ છે, કોઈનો સહારો નથી, તેથી અનેકાન્ત પ્રમાણ છે.

ભાષા જુઓ! આ આત્મા, શરીર, પરમાણુ આદિ છ એ દ્રવ્યો સત્તાસ્વરૂપ—હોવાવાળી વસ્તુ છે. એવી જ રીતે કેવળજ્ઞાન, સિદ્ધપણું એ પણ મોજૂદગીરૂપ—સત્ છે. સત્તાસ્વરૂપ વસ્તુ દ્રવ્ય અને ગુણ બે સ્વરૂપ છે. તે જ સત્તાને દ્રવ્ય-ગુણથી અભેદ કહીએ ત્યારે તેને દ્રવ્ય કહેવાય અને તે જ સત્તાને ભેદ કરીને કહો તો ગુણરૂપ કહેવામાં આવે છે. આનું નામ અનેકાન્ત છે. અમૃતચંદ્ર આચાર્યદેવે પાછળ પરિશિષ્ટમાં ૧૪ બોલ લીધા છે ત્યાં અસ્તિ નાસ્તિરૂપ અનેકાન્ત લીધું છે, ત્યાં તો અભેદને સ્વપણે અસ્તિ અને ભેદપણે નાસ્તિ એમ લીધું છે, ભેદ ભેદપણે છે. વસ્તુસ્વરૂપ અનાદિનિધન—અનાદિ અનંત આવું જ છે, આત્મા, પરમાણુ આદિનું સ્વરૂપ પોતાથી છે ને પરથી નથી. તેને કોઈ બીજી ચીજની મદદની જરૂર નથી—બીજી ચીજની મદદ હોય તો રહે એવું નથી. કોઈને કોઈનો સહારો નથી. કોઈ ચીજને પોતાના રહેવામાં કે બદલવામાં બીજાની મદદની જરૂર નથી માટે અહીં કહે છે કે અનેકાન્ત પ્રમાણ છે.

અહા! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે ભાઈ! એને સમજે એનો ન્યાલ થઈ જાય– એના જન્મ મરણ મટી જાય!

હવે જે વાણીને નમસ્કાર કર્યા તે વાણી કેવી છે?—તે કહે છે.

" प्रत्यगात्मनस्तत्त्वं पश्यन्ती " ( प्रत्यगात्मनः ) સર્વજ્ઞ વીતરાગ, ' प्रत्यक् ' અર્થાત્ ભિન્ન અર્થાત્ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત, એવો છે ' आत्मा '–જીવ દ્રવ્ય જેનો, તેને સર્વજ્ઞ વીતરાગ કહેવાય છે, તેના ( तत्त्वं ) સ્વરૂપનો ( पश्यन्ती ) અનુભવનશીલ છે એવી વાણીને નમસ્કાર કર્યાં છે.

અહીં કહે છે કે સર્વજ્ઞ પરમાત્મા પરથી તો જુદા છે જ પરંતુ રાગ અને અલ્પજ્ઞ પર્યાયથી પણ જુદા ( રહિત ) તથા સર્વજ્ઞ અને વીતરાગતાથી સહિત છે. વાણી એવા પરમાત્માના સ્વરૂપની અનુભવનશીલ છે. કોઈ વિતર્ક કરે કે દિવ્યધ્વનિ તો પુદ્‌ગલાત્મક છે, અચેતનને તો નમસ્કાર નિષિદ્ધ છે–શાસ્ત્રમાં અચેતનને નમસ્કારનો નિષેધ છે; તો તેનું સમાધાન કરવાને માટે આ અર્થ કહ્યો કે વાણી સર્વજ્ઞસ્વરૂપ–અનુસારિણી છે એવું માન્યા વિના પણ ચાલે નહિ.

અહા! અંદરમાં ' पश्यन्ती ' શબ્દ પડયો છે ને? એનો સીધો અર્થ તો એ થાય કે વાણી સર્વજ્ઞને દેખે છે. પરંતુ અહીં તેનો અર્થ એમ ન કરતાં એમ કહ્યું કે વાણી, સર્વજ્ઞનો જેવો સ્વભાવ છે તેને અનુસારિણી છે. અર્થાત્ વાણીમાં સર્વજ્ઞપણાનું નિમિત્ત છે. જો કે વાણી તો વાણીને કારણે નીકળે છે, સર્વજ્ઞ છે માટે વાણી નીકળે છે એમ નથી છતાં એ વાણી સર્વજ્ઞ અને વીતરાગ સ્વભાવને અનુસરીને નીકળે છે. ખરેખર તો વાણી પોતાથી સ્વ–પરને કહેનારી છે છતાં તે વાણી સર્વજ્ઞ-અનુસારિણી છે; તે વાણીનો સ્વભાવ સર્વજ્ઞને અનુસરણ કરવાનો છે માટે વાણીના કર્તા સર્વજ્ઞ છે એમ નથી. કેમ કે વાણી તો જડ છે અને તે સર્વજ્ઞ પરમાત્માથી ભિન્ન છે. વાણી સર્વજ્ઞને અડતી પણ નથી છતાં અહીં એટલો વ્યવહાર બતાવવો છે કે જેવું સર્વજ્ઞે જ્ઞાનમાં જાયું છે એ પ્રમાણે વાણી, વાણીના કારણે નિમિત્તપણે સર્વજ્ઞને અનુસરીને નીકળે છે.

અહા! આવો ધર્મનો ઉપદેશ એમાં કોઈને એમ થાય કે આમાં કરવાનું શું એ તો કંઈ આવતું નથી? તેને કહે છે કે ભાઈ! આ સાચું તત્ત્વ શું છે એને સમજવું એ શું કરવાનું નથી? અનાદિથી સત્‌ને સમજ્યા વિના જીવે ગોટા જ વાળ્યા છે. સત્‌ને સમજ્યા વિના અનંતવાર નગ્ન થઈ મહાવ્રત ધારણ કરી, ત્યાગી થયો પણ એમાં શું?

ટીકાકાર વિવરણ કરતાં કહે છે કે વાણી તો અચેતન છે. તેને સાંભળતાં જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે જાણવું કે વાણીનું પૂજ્યપણું પણ છે.

જુઓ શું કહે છે? જીવનું, પુદ્ગલનું કે મોક્ષ આદિ તત્ત્વનું જ્ઞાન પોતામાં જે રીતે થાય એ પ્રમાણે વાણીનું નિમિત્તપણું છે. જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે જાણવું એમ લીધું છે ને? એનો અર્થ કે વાણી વાણીને કારણે નીકળે છે ને સાંભળનારને જીવાદિ સ્વરૂપનું જે પ્રકારે જ્ઞાન ઉત્પન્ન થાય છે તેમાં વાણીને નિમિત્ત કહેવામાં આવે છે. જ્ઞાન પોતાથી ઉત્પન્ન થયું છે, નિમિત્તથી ઉત્પન્ન થયું નથી છતાં નિમિત્ત ન હોય તેમ પણ બને નહિ; માટે વ્યવહારે વાણીનું પૂજ્યપણું પણ છે એ અહીં સિદ્ધ કર્યું છે. બે વાત કહી (૧) વાણી સર્વજ્ઞ-અનુસારિણી છે. તથા (૨) વાણી સાંભળવાવાળાને જ્ઞાન પોતાથી થાય છે એમાં વાણી નિમિત્ત છે તે અપેક્ષાએ વાણીને પૂજ્ય કહેવામાં આવી છે.

કેવા છે સર્વજ્ઞ વીતરાગ? 'अनन्तधर्मणाः' અતિ ઘણા છે ગુણો જેમને એવા છે અર્થાત્ સર્વજ્ઞ પરમાત્માને અનંતગુણો છે. કોઈ મિથ્યાવાદી કહે છે કે પરમાત્મા નિર્ગુણ છે, ગુણનો વિનાશ થતાં પરમાત્મપણું થાય છે પરંતુ એવું માનવું જૂઠું છે. કારણ કે ગુણનો વિનાશ થતાં દ્રવ્યનો પણ વિનાશ થાય-ગુણનો નાશ થાય તો દ્રવ્યનો પણ નાશ થઈ જાય.

આ રીતે બીજા કળશમાં વાણીને નમસ્કાર કર્યા છે. [ક્રમશઃ]

—*—

[ રાગાદિથી શૂન્ય,......પેજ ૭થી ચાલુ ]

પરમાત્મપ્રકાશમાં ગાથા દીઠ થોડી વાત ફેરવી ફેરવીને એક ચિદાનંદ સ્વભાવને ઉપાદેય બતાવ્યો છે. એક એટલે અખંડ અને એકરૂપ જે જ્ઞાન-આનંદ સ્વભાવ તેનાથી પૂર્ણ ભરેલો અને વિભાવથી શૂન્ય એવો તે આત્મા જ ઉપાદેય છે અરે! સાર સમજે તો એક એક શબ્દમાં ઘણું ભરેલું છે.

અનંતકાળમાં જીવે કદી પોતાના ત્રિકાળ એકરૂપ સ્વરૂપને વિશ્વાસમાં લીધું નથી, જે સંયોગી ચીજ છે તેનો અને ક્ષણિક વિકારીભાવનો વિશ્વાસ કર્યો છે પણ જે ત્રિકાળ રહેનાર છે, આનંદકંદ છે, પોતાનું જ સ્વરૂપ છે તેનો કદી વાસ્તવિક યથાર્થ વિશ્વાસ કર્યો નથી. માટે કહે છે કે આવો વિભાવથી શૂન્ય અને સ્વભાવથી પૂર્ણ એવો નિજ આત્મા જ ઉપાદેય છે-અંતરદૃષ્ટિમાં લેવા લાયક છે એ આ ગાથાનું તાત્પર્ય છે.

હવે આગળની ગાથાઓમાં દ્રવ્ય, ગુણ, પર્યાયની મુખ્યતાથી કથન કરશે.

—*— [ ક્રમશઃ ]

## 卐 પ્રજ્ઞા આદિ શબ્દોનાં આધ્યાત્મિક અર્થ 卐

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૧૪ )

આ નાટક સમયસાર શાસ્ત્રની ઉત્થાનિકા – ભૂમિકા ચાલે છે તેમાં ૪૨ શ્લોક પૂરા થઈ ગયા છે હવે ૪૩ મા શ્લોકમાં બુદ્ધિના નામ કહે છે:

प्रज्ञा धिसना सेमुसी, धी मेघा मति बुद्धि ।
सुरति मनीषा चेतना, आसय अंश विसुद्धि ॥ ४३ ॥

'प्रज्ञा' જે જ્ઞાન વડે આત્મા રાગાદિથી ભિન્ન થાય છે તેને પ્રજ્ઞા કહે છે, પોતાના સ્વભાવ અને પુણ્ય-પાપરૂપ મલિન ભાવ વચ્ચે સાંધ છે તે સાંધમાં પ્રજ્ઞાછીણી પટકવાથી રાગથી ભિન્ન પોતાનો નિર્મળ સ્વભાવ અનુભવમાં આવે છે. તેને પ્રજ્ઞા અથવા બુદ્ધિ કહેવામાં આવે છે. દુનિયાદારીની બુદ્ધિને પ્રજ્ઞા કહેતાં નથી. પ્ર + જ્ઞ એટલે વિશેષ પ્રકારનું જ્ઞાન કે જેનાથી આત્મા રાગાદિથી ભિન્ન અનુભવમાં આવે છે.

धिसना એ પણ બુદ્ધિનું એક નામ છે. જે રાગ અને પરને છણી નાખે એવી ધી નામ બુદ્ધિને ધિસના કહે છે. જે રાગાદિની છાલને છણી નાખે અને પોતાના સ્વભાવની દૃષ્ટિ કરે એવી બુદ્ધિને ધિસના કહે છે.

सेमुसी — જે બુદ્ધિથી પોતાના સ્વભાવની સન્મુખતા થાય છે એવી બુદ્ધિને સેમુસી કહેવાય છે. શરીર, વાણી અને મન તો જડ છે અને પુણ્ય-પાપ રાગાદિભાવ તો આસ્રવ છે, તેની સન્મુખ રહેલું તે બુદ્ધિ નથી. વ્યવહાર-કુશળતામાં જે બુદ્ધિ છે તેને બુદ્ધિ કહેતાં નથી. રાગ અને પરસન્મુખ બુદ્ધિ તો અનાદિથી ચાલી આવે છે તે તો અજ્ઞાન છે. અનાકુળ આનંદધામ પ્રભુની સન્મુખ બુદ્ધિ તે જ જ્ઞાન છે.

धी–જે બુદ્ધિ શુદ્ધ ચૈતન્ય આત્માનું ધ્યેય કરીને રહે તે બુદ્ધિને ધી કહે છે. જુઓ આ નાટક સમયસાર! બનારસીદાસ પહેલાં તો બહુ શ્રૃંગારી – વ્યભિચારી હતાં. પછી સત્સંગ મળ્યો ત્યાં એકદમ પલટી ગયા. એ પંડિતજી કહે છે કે, અખંડ નિજ પરમાત્માનું જે ધ્યેય બનાવે તેને ધી અથવા બુદ્ધિ કહે છે. કેમ શેઠ! આ પુસ્તક વાચ્યું છે કે નહિ? અમને તો ૭૮ની સાલમાં દામનગરથી આ પુસ્તક મળ્યું છે. ત્યારથી વાંચીએ છીએ.

મેધા એટલે ડહાપણ અથવા શાણપણ. જે બુદ્ધિ આત્માનું જ્ઞાન કરે તેને મેધા એટલે શાણી બુદ્ધિ કહેવાય, ડહાપણ કહેવાય. બાકી બધી બુદ્ધિને ગાંડપણ કહેવાય છે.

मति—નામ જે મતિજ્ઞાન રાગથી ભિન્ન પડીને સ્વરૂપમાં લાગી જાય તેને મતિ કહેવાય છે. 'જેવી મતિ તેવી ગતિ' હોય છે ને! જેની મતિ સ્વરૂપ તરફ છે તેને મોક્ષમાં ગતિ થાય છે અને જેની મતિ રાગ અને પર તરફ છે તેને ચારગતિમાં રખડવું પડે છે. પરમાત્મપ્રકાશમાં કહ્યું છે 'જેવી મતિ એવી ગતિ' જે મતિ રાગથી ખસીને સ્વરૂપમાં લાગી છે તેની મોક્ષગતિ જ થશે અને જે મતિ રાગ-દ્વેષમાં એકમેક છે તેને તો કુમતિ - કુબુદ્ધિ કહે છે. જુઓ પંડિતજી! આ શાસ્ત્ર ભણી-ભણીને પ્રોફેસર થવું તેને બુદ્ધિ કહી નથી.

बुद्धि—જે પોતાના આત્માને જાણે તે બુદ્ધિ છે. બાકી પરમાં અને રાગમાં હોશિયારી કરે તે બુદ્ધિ નથી. सुरति બુદ્ધિને સુરતિ પણ કહી છે. પોતાના શુદ્ધ આનંદમાં રમે તે સુરતિ-બુદ્ધિ છે. નાટકમાં જેમ પહેલાં પ્રવેશમાં પાત્રોનો પરિચય કરાવે તેમ અહીં નાટકકાર ભૂમિકામાં શબ્દોનો પરિચય કરાવે છે. રાગરૂપ રતિ છે તે કુરતિ છે અને સ્વભાવમાં રતિ છે તે સુરતિ છે. ગૃહસ્થાશ્રમમાં રહેલાં જ્ઞાની કવિ આ કહે છે હો. અધ્યાત્મના જબ્બર કવિ થઈ ગયા. તેમની તત્ત્વની દૃષ્ટિ બહુ સ્પષ્ટ હતી.

मनीषा—નામ વિચાર. જે સ્વ અને પરનો વિચાર કરે છે તેને મનીષા અથવા વિચારક કહેવાય છે. चेतन પોતાના જ્ઞાનાનંદસ્વરૂપમાં જે બુદ્ધિ ચેતી જાય તેને ચેતના કહે છે. आसय—આમ તો અભિપ્રાયને આશય કહેવાય છે પણ અહીં બુદ્ધિ માટે પણ આશય શબ્દ કહ્યો છે. મારો 'કહેવાનો આશય આ છે' એમ કહે છે ને! મારું સ્વરૂપ પૂર્ણ એમ માનનાર મતિને આશય કહે છે.

अंश—નામ પર્યાય. ત્રિકાળી ભગવાન આત્મા અંશી છે અને તેના તરફ જે બુદ્ધિ વળેલી છે તેને અંશ કહે છે. કેવળજ્ઞાન પણ એક અંશ છે કેમ કે પર્યાય છે ને! તેમ સ્વાભાવ સન્મુખ વળેલી મતિ પણ અંશ છે.

विसुद्धि—તેના ત્રણ પ્રકાર છે. શુભભાવને વિશુદ્ધિ કહેવાય છે, એકદેશ શુદ્ધતાને પણ વિશુદ્ધિ કહેવાય છે અને પૂર્ણ શુદ્ધતાને પણ વિશુદ્ધિ કહેવાય છે. અહીં તો સ્વભાવ તરફના અવલંબનમાં જે શુદ્ધિ અથવા નિર્મળતા થાય છે તેને વિશુદ્ધિ કહી છે.

હવે ૪૪, ૪૫ શ્લોકમાં વિચક્ષણ પુરુષના નામ કહે છે. આ નાટકમાં આગળ કહેશે કે, નિગમ નામ શુદ્ધાત્માના સ્વરૂપનું કથન કરીશ. પોતાના આનંદરસને પીવે એવા આત્માના પૂર્ણાનંદ સ્વભાવને નિગમ કહેવાય છે.

निपुन विचच्छन विबुध बुध, विद्याधर विद्वान ।
पटु प्रवीन पंडित चतुर, सुधी सुजन मतिमान ।। ४४ ।।
कलावंत कोविद कुसल, सुमन दच्छ धीमंत ।
ज्ञाता सज्जन ब्रह्मविद, तज्ञ गुनीजन संत ।। ४५ ।।

निपुन નામ પ્રવીણ. જેણે પોતાના આત્માને અને વિકારને ભિન્ન પાડીને પ્રવીણતા સિદ્ધ કરી છે તેવા જ્ઞાનીને નિપુણ કહેવાય છે. આ સમજવા માટે અભ્યાસ જોઈએ ભાઈ! જેને જન્મમરણનો નાશ કરવો છે, ચોરાશીના અવતારના દુઃખથી છૂટવું છે તેને માટે આ વાત છે. અભ્યાસ ન હોય તેને સમજાતાં વાર લાગે. અભ્યાસ કરીને પણ કરવાનું તો આ જ છે: "સ્વભાવને ઓળખાવો તે." સંસારમાં ડાહ્યા ગણાતા હોય તે નિપુણ નથી. લોકો તો પૈસાવાળાને બહુ માખણ ચોપડે કે તમે ડાહ્યા છો–નિપુણ છો–બહુ બુદ્ધિવાળા છો પણ અહીં તો કહે છે જે પોતાના જ્ઞાનાનંદસ્વભાવને ઓળખે તે નિપુણ છે. હીરા-માણેકને પારખીને તેની કિંમત કરે છે પણ પોતાને પારખતો નથી.

પરખ્યા માણેક-મોતીયાં, પરખ્યાં હેમ-કપૂર,
પણ એક ન પરખ્યો આતમા, ત્યાં રહ્યો દિગ્મૂઢ.

આત્મા કોણ છે તેની પરીક્ષા કરીને કદી ઓળખાણ કરી નથી. આત્માની ઓળખાણ કરે તેને તેની કિંમત આવ્યા વગર રહે નહિ. આત્માની કિંમત કરે તે નિપુણ છે. દુનિયાના અનેક ધંધાની નિપુણતા કરે તે તો અનિપુણ છે. શુદ્ધ આનંદઘનની બુદ્ધિ કરે તે જ નિપુણ છે, તેને ભલે શાસ્ત્રનું જ્ઞાન ઓછું હોય તો પણ તેની સાથે નિપુણતાને કાંઈ સંબંધ નથી. ત્રિલોકનાથ ભગવાને જેવો આત્મા કહ્યો તેવો જેણે જાણ્યો તે જ નિપુણ છે. જુઓ! સંસ્કૃત–વ્યાકરણના જાણનારને નિપુણ કહ્યાં નથી.

विचक्षण—દુનિયાની કળા જાણે તે વિચક્ષણ નથી. પણ પોતાની ચીજને કળી લે તે વિચક્ષણ છે. અનંત શુદ્ધગુણોનો પિંડ પ્રભુ તેનું જે જ્ઞાન કરે છે તે વિચિક્ષણ પુરુષ છે. તે જ विबुध છે કેમ કે જેણે રાગ અને શરીરથી રહિત ત્રિકાળ શુદ્ધ આત્માનો બોધ કર્યો છે માટે તે વિબુધ છે. વિશેષ બુદ્ધિવાળા છે.

बुध—बुध्यते इति बुधः । પોતાના શુદ્ધ આનંદ સ્વભાવે જાણે તે પુરુષને બુધપુરુષ કહેવાય છે. વિદ્યાધર જે વૈતાઢ્ય પર્વત ઉપર વિદ્યાના ધારી વિદ્યાધરો રહે છે તે તો લૌકિક વિદ્યાધર છે. આ તો પોતાના શુદ્ધ ચિદાનંદ ધ્રુવની વિદ્યાને ધારે છે એવા સમ્યગ્દષ્ટિને વિદ્યાધર કહ્યાં છે. ત્રિકાળ વિદ્યાને—ધ્રુવને જાણવો તે વિદ્યા અને તે વિદ્યાને જે ધરે તે વિદ્યાધર છે.

विद्वान—વિદ્યમાન ભગવાન આત્માનું સ્વરૂપ જાણે છે તે વિદ્વાન છે. पटु એટલે ડાહ્યાં. જેની પટુતા સ્વરૂપ તરફ વળી છે તે પટુ છે. प्रविण-' સિદ્ધ સમાન સદા પદ મેરો ' એમ જે પોતાને સિદ્ધ સમાન જાણે છે તે પ્રવીણ છે. હું પામર છું અને હું રાગવાળો છું એમ માને છે તે પ્રવીણ નથી. કોઈ મતવાળા ભગવાન પાસે પોતાના દોષોનો પશ્ચાત્તાપ કરીને બહુ રડે છે પણ ભાઈ! એકલાં દોષને જ જોવા કે નિર્દોષ સ્વભાવને પણ જોવો ? રાગના ગાણાં તો બહુ ગાયાં હવે એકવાર વીતરાગસ્વભાવના ગાણાં ગાય તે પ્રવીણ છે.

पंडित—આત્માને જાણે તે પંડિત છે. પરમાત્મપ્રકાશ અને સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં પણ આવે છે કે જેણે નિજસ્વભાવની કિંમત કરી છે અને રાગની કિંમત ઉડાવી દીધી છે તે પંડિત છે. चतुर એટલે શાણો. જેણે સ્વભાવસન્મુખ થઈને પોતાની ચતુરાઈ પ્રગટ કરી છે તે ચતુર છે. सुधी જે પોતાના સ્વરૂપની આનંદમય સત્તાનો સ્વીકાર કરે છે તે સુધી છે. બહારના કાર્યોમાં ચતુરાઈ કરીને જુદી જુદી ડિગ્રીઓ પાડે છે તે ' સુધી ' નથી. જડની ક્રિયા તો જડથી થાય છે તે તારાથી ન થાય ભાઈ!

सुजन એટલે ભલા જન. જેણે આત્માની શુદ્ધિની પિછાણ કરી છે તે સુજન છે. मतिमान—સમ્યક્ મતિને ધારણ કરે છે તે મતિમાન છે. कलावंत—પોતાની કેવળજ્ઞાનની કળાને પ્રગટ કરે એવા મતિ-શ્રુતજ્ઞાનીને કળાવંત કહે છે, તે જ કળાબાજ છે.

कोविद—કોવિદ એક ડિગ્રી અથવા પદવીનું નામ છે પણ અહીં કહે છે જેને આત્માનું ભાન છે તે કોવિદ છે. कुसल-શરીરથી કુશળ છે તે કુશળ નથી પણ જેને આત્માનું ભાન છે એવા જ્ઞાની કુશળ છે. सुमन- જેણે અખંડ આનંદમય આત્માની કબૂલાત કરી, તેની પ્રતીત કરી તે સુમન પુરુષ છે. પૂર્ણ શાંતરસની જેને દૃષ્ટિ થઈ તે બધાં સુમન છે, બાકી બધાં કુમન છે. दच्छ એટલે શાણા ડાહ્યાં. આત્મામાં જે દક્ષ છે તેને દચ્છ કહ્યાં છે. શાસ્ત્રમાં જ્યાં આવા આવા નામ આવે ત્યાં વિચિક્ષણ પુરુષ જ્ઞાનીની આ વાત છે એમ સમજી લેવું.

धीमंत—જેમ લક્ષ્મીવાળાને શ્રીમંત કહેવાય છે તેમ બુદ્ધિવાળાને ધીમંત

કહેવાય છે. અહીં તો કહે છે શ્રીમંત પણ એ છે કે જેની પાસે સ્વરૂપની લક્ષ્મી છે અને ધીમંત પણ એ છે કે જેની પાસે આત્માની બુદ્ધિ છે. ज्ञाता—જાણનાર દેખનાર રાગ અને શરીરની ક્રિયા કરવાવાળો તે આત્મા નથી. હું જાણનાર જ્ઞાતા છું એમ જાણે છે તે- જ્ઞાતા છે.

सज्जन એટલે સત્ + જન. સત્ સ્વરૂપ ભગવાન આત્માના ભાનવાળાને સજ્જન કહે છે. લૌકિકમાં લૌકિક નીતિને ધરવાવાળાને સજ્જન કહે છે. અહીં અવિનાશી ભગવાન આત્માને જાણે તે સજ્જન છે. ब्रह्मविद् - બ્રહ્મ નામ આનંદ સ્વરૂપ, વિદ એટલે જાણવાવાળા આનંદસ્વરૂપ આત્માનો જાણનારો તે બ્રહ્મવિદ છે. तज्ञ—એટલે તેમનો જાણનારો એટલે આત્માનો જાણનારો તજ્ઞ છે.

गुनीजन—અનંત ગુણ સ્વરૂપ આત્માને જાણનારને ગુણીજન કહેવાય છે. 'શાંતિ પમાડે તેને સંત કહીયે. તેના દાસાનુદાસ થઈને રહીએ...' એવું ભજન આવે છે તે આવા જ્ઞાની સંતની વાત છે. બહારના બાવા-સાધુ, ફકીરને સંત કહેવાતા નથી. ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ કહેલાં આત્માનો બોધ કરીને શાંતિમાં રહે તે સંત છે. 'શાંત દશા તિનકી પહિચાની, કરે કર જોરિ બનારસી વંદન.'

હવે ૪૬ માં શ્લોકમાં મુનીશ્વરના નામ કહે છે.

मुनि महंत तापस तपी, भिच्छुक चारितधाम ।
जती तपोधन संयमी, व्रती साधु ऋषि नाम ॥ ४६ ॥

मुन्यते इति मुनि—પોતાના આનંદનું પોતાને દાન કરીને આનંદનો અનુભવ કરે તે મુનિ છે. महंत—જેણે પોતાની બુદ્ધિને આત્મામાં લગાવી દીધી એવા આત્માને મહંત કહે છે. કોઈ મંદિરના અધિષ્ઠાતાને મહંત કહે છે તે મહંત નથી. અહીં તો રજકણ અને રાગના કણથી પણ રહિત આત્માના અધિષ્ઠાતા છે તેને મહંત કહેવાય છે.

ભારે વાત કરી છે હો બનારસીદાસે! કેવું નાટક બનાવ્યું છે!

तापस—મુનિરાજને તાપસ પણ કહે છે. કેમ? કે, તપ દ્વારા ઇચ્છાનો નિરોધ કરીને પોતાના સ્વરૂપની અતીન્દ્રિય અમૃત આનંદ દશાને પ્રાપ્ત કરે છે માટે મુનિને તાપસ કહે છે. બાકી તપસ્યા કરી કરીને મરી જાય પણ અમૃત સાગરને પ્રાપ્ત ન થાય તેને તાપસ કહેતાં નથી.

तपी—જે લાડવા ઉડાવે અને અલમસ્ત થઈને ફરે તે તપી નથી પણ જેણે સ્વરૂપમાં ઇચ્છાનો નિરોધ કરીને અમૃત આનંદને પ્રાપ્ત કર્યો અને જે મોક્ષની સમીપ આવી ગયા છે તે તપી છે. પુણ્ય-પાપના રાગથી રહિત ચૈતન્યના મઠનો જે સ્વામી છે તે મહંત છે, તે તપી છે.

भिच्छुक—ભિક્ષા દ્વારા ભોજન કરે તેને ભિક્ષુક કહેવાય છે. અંતરમાં આનંદ-સ્વરૂપને શોધીને આનંદનો અનુભવ કરે તે ભિક્ષુક છે. चारितधाम—અહા! મુનિ એટલે આત્માના આનંદ અને શાંતિનું ધામ જોઈ લો. અંતરમાં મુનિને એટલી બધી શાંતિ પ્રગટ થઈ ગઈ છે કે ચારિત્ર નામ રમવાનું સ્થાન થઈ ગયું છે. બહારમાં નગ્નપણું અને અઠ્યાવીસ મૂળગુણ છે તે ચારિત્ર નથી. અંતરમાં-નિર્વિકલ્પ સ્વરૂપમાં લીન થઈને અસંખ્યપ્રદેશી પોતાનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે તે મુનિનું ચારિત્રધામ છે. જગતથી જુદી જ જાતની વાત છે.

जती—જતી એટલે બાવા-સાધુ નહિ પણ પોતાના આનંદ અને શુદ્ધસ્વભાવની જતના કરે-રક્ષા કરે તે જતી છે. રાગ અને પુણ્યની રક્ષા કરે એ તો અજતી છે. જુઓ! વ્યવહારની રક્ષા કરવાવાળા જતી નથી એમ કહ્યું છે.

तपोधन—જેની પાસે ઇચ્છાનો નિરોધ કરીને પોતાનો આનંદ પ્રગટ થયો છે તેની પાસે તપરૂપી ધન છે માટે તે તપોધન છે. શેઠીયાઓ પાસે તો ધૂળના ધન છે જ્યારે મુનિ પાસે તપરૂપી ધન છે. જેમ ગેરુ લાગવાથી સુવર્ણ શોભે છે તેમ તપ વડે આનંદ દશા પ્રગટ કરીને જેણે આત્માની શોભા વધારી છે તેને તપોધન કહેવાય છે.

संयमी—બહારમાં ઈન્દ્રિય સંયમ અને અંદરમાં અતીન્દ્રિય આત્મામાં લીન છે એવા મુનિને સંયમી કહ્યાં છે. અતીન્દ્રિય ભગવાન આત્મા ઇન્દ્રિય અને વિકલ્પ વડે ગમ્ય નથી. અતીન્દ્રિયજ્ઞાન વડે અતીન્દ્રિય આત્મામાં રમવાવાળા મુનિને સંયમી કહે છે. व्रती—મુનિરાજ અંતરસ્વરૂપમાં આનંદમાં વીંટાઈ ગયા છે માટે તેને વ્રતી કહેવાય છે. મુનિ સ્વરૂપમાં લપેટાય જાય છે.

साधु—પોતાના સ્વરૂપને સાધે છે માટે મુનિને સાધુ પણ કહેવાય છે. ऋषि—આત્માનો સાક્ષાત્કાર થઈને આનંદની વૃદ્ધિ થઈ છે માટે મુનિને ઋષિ કહ્યાં છે. ગળે બેસ લગાડે અને ટીલાં-ટપકાં કરે તે ઋષિ નથી.

આ મુનીશ્વરના નામો પૂરા થયાં. હવે દર્શન નામ દેખવું, સ્વ-પરની મહાસત્તાના દેખવાવાળા દર્શનના નામ કહે છે.

दरस विलोकनि देखनौं, अवलोकनि दगचाल ।
लखन दृष्टि निरखनि जुवनि, चितवनी चाहनि भाल ॥ ४७ ॥

दरस—એટલે દેખવું. સર્વ જીવ છે એમ જોવું તે દર્શન છે. विलोकनि નામ

વિશેષે આલોકવું. સ્વ અને પરને બરાબર આલોકવા તેનું નામ વિલોકવું છે. देखनौं સ્વ-પર બધી ચીજ છે એમ જોવું તે. મારામાં પર છે કે પરમાં હું છું એમ નહિ, માત્ર દેખવું તે દર્શન છે. अवलोकनि સ્વ અને પરની સત્તાને અવલોકવી તે દર્શનગુણનું કાર્ય છે. दृगचाल-સ્વ અને પર છે તેને દેખવાં તે દર્શનની ચાલ છે.

लखन—જેમ જાણવું એ આત્માનું લક્ષણ છે તેમ દેખવું એ પણ આત્માનું લક્ષણ છે. दृष्टि એટલે પણ દેખવું. આ દર્શન ઉપયોગની વાત છે હો. निरखनी जुवनि એ પણ તેના જ નામ છે. चितवनी નામ જેમ છે એમ દેખવું તે. चाहनि એટલે ચાહવું-આ છે એમ દેખનારા દર્શનને ચાહનિ નામથી કહેલ છે. भाल એ પણ 'દેખવું' દર્શનનું એક નામ છે.

હવે જ્ઞાન અને ચારિત્રના નામાંતર કહે છે.

> ग्यान बोध अवगम मनन, जगतभान जगजान ।
> संजम चारित आचरन, चरन वृत्ति थिरवान ॥ ४८ ॥

જાણવું તે જ્ઞાન, બોધ એટલે પણ જ્ઞાન અને અવગમ કરવું એટલે પણ જ્ઞાન કરવું. મનન એટલે જ્ઞાનમાં એકાગ્ર થઈને મનન કરવું. જગતભાનુ એટલે ચૈતન્ય ભગવાન આત્મા જગતનો સૂર્ય છે. આત્માનું જ્ઞાન એ જ જગતભાનુ છે. જગતનો સૂર્ય તો સાધારણ છે, આ જ્ઞાનસૂર્ય તો મહાન સૂર્ય છે. जगजान નામ સ્વજ્ઞેય અને પરજ્ઞેયને જાણવાવાળું હોવાથી જ્ઞાનને જગજાન કહેવાય છે.

संजम—સ્વરૂપમાં સંયમ નામ ઇન્દ્રિયથી હટીને અતીન્દ્રિય સ્વરૂપમાં રહેવું તેનું નામ સંયમ છે. चारित्र-સ્વરૂપમાં રમવું અર્થાત્ શુદ્ધ આનંદનું ભોજન કરવું તે ચારિત્ર છે. સ્વરૂપમાં રમવું તે આચરણ છે. દયા, દાનાદિ રાગની ક્રિયા તે આચરણ નથી. चरन-સ્વરૂપમાં ચરણ કરવું. वृत्ति સ્વરૂપમાં રાગરહિત વૃત્તિનું પરિણમન કરવું તે વૃત્તિ નામ ચારિત્ર છે. પંચમહાવ્રતના વિકલ્પ એ ચારિત્ર નથી. थिरवान પોતાના આનંદસ્વરૂપમાં સ્થિરપણું તે પણ ચારિત્ર છે.

હવે સત્યના નામ કહે છે.

> सम्यक् सत्य अमोघ सत, निःसंदेह निरधार ।
> ठीक जथारथ उचित तथ, मिथ्या आदि अकार ॥ ४९ ॥

જેવું સ્વરૂપ છે તેવું જાણવું તેનું નામ સમ્યક્ અથવા સત્ય છે. અનાદિ અનંત ભગવાન આત્મા સત્ય સાહેબ છે તેને પણ સત્ય કહે છે.

अमोघ —નામ સફળ. જેમ રામચંદ્રજીનું બાણ અમોઘ હતું એટલે કે બાણ વાગ્યા વગર રહે જ નહિ–એવું અમોઘ હતું. તેમ સત્ય પણ અમોઘ હોય છે. જેની દષ્ટિ પરમાનંદસ્વરૂપમાં આવી તેને મુક્તિ મળ્યા વગર રહે જ નહિ–એવું આ સત્ય અમોઘ છે.

सत —સત્સ્વરૂપ આત્મા એ જ સત્ છે. સત્યનું એક નામ નિઃસંદેહ પણ છે. ભગવાન આત્માનું ભાન અને તેનો ભાવ નિઃસંદેહ છે. નિરધાર-સત્યને નક્કી કરવું તેનું નામ નિરધાર છે. ઠીક, યથાર્થ, ઉચિત એ પણ સત્યના નામ છે. વસ્તુ જેમ છે તેમ યથાર્થ જાણવી તે સત્ય છે. સત્ય જ ઉચિત છે. तथ નામ જેમ છે તેમ. આ બધાં સત્યના નામ છે, તેને અકાર લગાવવાથી તે જૂઠના નામ બની જાય છે જેમ કે અસમ્યક્, અસત્ય, અસત્, અયથાર્થ, અતથ, અનુચિત, અઠીક આ બધાં જૂઠના નામ છે.

अजथारथ मिथ्या मृषा, वृथा असत्त अलीक ।<br>
मुधा मोघ निःफल वितथ, अनुचित असत अठीक ।। ५० ।।

સર્વજ્ઞ પરમાત્માએ જેવું દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ કહ્યું છે તેવું ન કહે તે બધાં જૂઠાં છે, અયથાર્થ અર્થને કહેનારા છે. માટે તેને અયથાર્થ, મિથ્યા, મૃષા, વૃથા એટલે નકામા અસત્, અલિક આદિ નામથી કહેવાય છે. મુધા નામ એ મૂરખા છે. નિષ્ફળ નામ જૂઠાને કોઈ ધર્મનું ફળ થતું નથી માટે નિષ્ફળ છે.

હવે નાટક સમયસારનાં બાર અધિકારના પંડિતજી નામ આપે છે.

जीव निरजीव करता करम पुन्न पाप,<br>
आस्रव संवर निरजरा बन्ध मोष है ।<br>
सरव विसुद्धि स्यादवाद साध्य साधक,<br>
दुवादस दुवार घरै समैसार कोष है ।।<br>
दरवानुयोग दरवानुजोग दूरि करै,<br>
निगमकौ नाटक परमरस पोष है ।<br>
एसौ परमागम बनारसी बखानै जामै,<br>
ग्यानको निदान सुद्ध चारितकी चोष है ।। ५१ ।।

નાટક સમયસારમાં પહેલો જીવ અધિકાર કહેશે તે આપણે કાલે (ચંદ્રકાંતભાઈના નવા મકાનના વાસ્તુ-પ્રસંગે) શરૂ કરશું. બીજો અજીવ અધિકાર કહેશે. ત્રીજો કર્તા-કર્મ અધિકાર જેમાં રાગનો અને પરનો કર્તા આત્માને માને તે અજ્ઞાની છે એ વાત કહેશે. ચોથો પુણ્ય-પાપ અધિકાર જેમાં શુભ, અશુભ બંને ભાવ વિકાર છે, બંધના

કારણ છે એ કહેશે. પાંચમો અધિકાર આસ્રવ એટલે પુણ્ય-પાપ બંને આસ્રવ છે એ કહેશે. છઠ્ઠા સંવર અધિકારમાં આસ્રવનો નિરોધ કરીને સ્વભાવ તરફની શાન્તિ પ્રગટ કરવી તે સંવર છે એ કહેશે.

સાતમા નિર્જરા અધિકારમાં કર્મોના નાશરૂપ અને અશુદ્ધિના નાશરૂપ નિર્જરા, આઠ-નવમાં બંધ અને મોક્ષ અધિકાર કહેશે. દશમો સારરૂપ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર કહેશે અને અગિયારમાં સ્યાદ્વાદ અધિકારમાં અનેકાંતનું સ્વરૂપ કહેશે અને છેલ્લા સાધ્ય-સાધકદ્વારમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ સાધક અને પૂર્ણસ્વરૂપ સાધ્યનું કથન કહેશે.

આ રીતે બાર અધિકારરૂપ સમયસાર ભંડાર છે. આ ઉત્કૃષ્ટ ગ્રન્થ દ્રવ્યાનુયોગરૂપ છે. વસ્તુનું સ્વરૂપ જેવું છે તે અનુસાર પરિણમન કરવાનું બતાવવાવાળો આ દ્રવ્યાનુયોગ છે. તે આત્માને પરદ્રવ્યના સંયોગથી જુદો પાડવાનું પણ કાર્ય કરે છે. અર્થાત્ જીવને મોક્ષમાર્ગમાં લગાડે છે.

આ આત્માનું નાટક પરમ શાંતરસને પુષ્ટ કરનારું છે. શાન્તિ...શાન્તિ... શાન્તિમય અકષાય સ્વભાવને પ્રગટ કરનારું છે અને પોષવાવાળું છે. એવા આ ગ્રન્થની ઉત્થાનિકા થઈ અર્થાત્ પ્રવેશદ્વાર થયો. આ શાસ્ત્ર તો સમ્યગ્જ્ઞાન અને શુદ્ધ ચારિત્રનું કારણ છે. તેને બનારસીદાસજી પદ્યરચનામાં વર્ણવે છે. [ ક્રમશઃ ]

## વૈરાગ્ય સમાચાર :—

* સાંદરણનિવાસી પટેલ કાશીતાઈ દયાળભાઈ ( વર્ષ–૬૫ ) તા. ૧૪–૧–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વડોદરાનિવાસી શાહ ભોગીલાલભાઈ પ્રેમચંદભાઈ ( વર્ષ–૭૮ ) તા. ૨૪–૧–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* દામનગરનિવાસી ( હાલ–જલગાંવ ) જિતુભાઈ શાંતિલાલ અજમેરાના ધર્મપત્ની ઉષાબેન ( વર્ષ–૩૮ ) તા. ૩–૨–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* દાદરનિવાસી શ્રી વ્રજલાલ મોહનલાલ વોરા ( વર્ષ–૮૧ ) તા. ૫–૨–૯૨ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

* રાણપુરનિવાસી ( હાલ–જામનગર ) વિજયાબેન હરગોવિંદદાસ શાહ ( વર્ષ–૮૩ ) તા. ૬–૨–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ગઢડાનિવાસી હંસાબેન મનસુખલાલ મોદી ( વર્ષ–૫૫ ) તા. ૨૧–૨–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# ✻ ત્રૈલોક્ય દુઃખહર પ્રભુભક્તિ ✻

[ શ્રી ભક્તામર સ્તોત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ ભક્તામર સ્તોત્ર છે. ભરતક્ષેત્રમાં આ ચોવીશીમાં ચોવીશ તીર્થંકર થયા તેમાં પ્રથમ તીર્થંકર આદિનાથ ભગવાનને ઉદ્દેશીને શ્રી માનતુંગ આચાર્ય સ્તુતિ કરે છે. જેની પ્રભુતા શક્તિરૂપે હતી તે પર્યાયમાં પ્રગટ થઈ છે, આત્મામાં અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્યરૂપ અનંતચતુષ્ટય સ્વભાવ હતો તેની દૃષ્ટિ અને સ્થિરતાથી જેને રાગ રહિત દશા પ્રગટી છે તેનો ભક્ત કોણ ?–કે જે સ્વભાવનો ભક્ત છે તે ભગવાનનો ભક્ત છે. જે પુણ્ય-પાપનો ભક્ત છે અથવા પુણ્ય–પાપની જેને અધિકતા ભાસે છે તે ભગવાનનો ભક્ત થઈ ન શકે. એક સમયમાં ત્રણલોકનું જાણવું પ્રગટ થાય એવા જ્ઞાન સ્વભાવની અધિકતા મુખ્યતા થઈ છે, પુણ્ય–પાપની ગૌણતા થઈ છે, પુણ્ય–પાપ પરમાર્થે મારા સ્વભાવમાં નથી એવો દૃઢ નિશ્ચય જેને વર્તે છે તે પરમાત્માની ભક્તિ કરી શકે છે.

એકલા વ્યવહારને, રાગને અને સંયોગને મહત્તા આપી તેના ગાણા ગાય તે પ્રભુ ભક્તિના ગાણા નથી, પણ પામરતાના ગાણા છે. જે વસ્ત્ર અને શસ્ત્રવાળા દેવના ગાણા ગાય છે તે સંસારની ભ્રમણાની રુચિના ગાણા ગાય છે. જેને પૂર્ણ દશા પ્રગટ થઈ છે તેને જરાય રાગ બાકી નથી. વીતરાગ દેવને હથિયાર, સ્ત્રી વસ્ત્રાભૂષણાદિ શૃંગાર હોતા નથી. એવા પ્રભુને જેણે ખ્યાલમાં લીધો છે, સ્વભાવનું જેને ભાન છે ને ભક્તિ ઊછળે છે તે આ ભક્તામર સ્તોત્ર છે.

હે નાથ! અમો તમારા બાળક છીએ. અમોએ આપને નેતા બનાવ્યા છે, અમારો સ્વભાવ શક્તિરૂપે પૂર્ણ છે. અમારી અંતરની પ્રભુતાના ગાણાના ભાન દ્વારા તમારા ગાણા ગાઈએ છીએ. હવે ગાથા ૧૭ નો ભાવાર્થ કહે છે :

હે નાથ! આપને સૂર્યની શી ઉપમા આપવી! તે તો પથ્થર છે. આપ તો સમ-સ્વભાવી ચૈતન્યસૂર્ય છો! હે નાથ! આપની મહિમા ચૈતન્યસૂર્યથી અધિક છે. આપને કેવળદશા પ્રગટી ચૈતન્યસૂર્યનો પ્રભાત પ્રગટ્યો તે કદી આથમે નહિ. આપ કેવળજ્ઞાનના કંદ છો, આપને પૂર્ણદશા પ્રગટી તેથી આપના મહિમાને લક્ષમાં રાખી સ્તુતિ કરું છું. સૂર્ય તાપવાળો છે, પણ આપ શીતળ છો. સૂર્ય શાશ્વત પથ્થર છે, તેમાં રહેલાં એકેન્દ્રિય જીવના મરણ થાય છે, તથા દેવો પણ ત્યાંથી મરણ પામે છે પણ આપનું કેવળજ્ઞાન

નાશ પામતું નથી, પણ સાદિ-અનંતકાળ, અવિનાશી નિત્ય રહે છે, માટે આપને સૂર્યની ઉપમા આપી શકાતી નથી.

ચૈતન્ય ભગવાન એક સમયમાં ઝળહળજ્યોત પ્રકાશિત થયો એ અંતર સ્વભાવના આલંબને થયો છે. જેને આવી પ્રતીત છે તે અંતર સ્વભાવને અનુસરીને ગાણા ગાય છે. સૂર્યને કોઈ વાર અમાસના રોજ ગ્રહણ થાય છે, પણ આપને કોઈ ગ્રસી જાય એમ નથી. એવી જ રીતે હે નાથ! હું મારા ચૈતન્યસ્વભાવના આશ્રયે કેવળજ્ઞાન લેવાના પંથે પડ્યો ત્યાં કર્મો વિઘ્ન કરે એમ બનતું નથી.

સૂર્ય ક્રમે ક્રમે અજવાળું કરે છે. આપ સર્વને એકીસાથે પ્રકાશો છો. જંબૂદ્વીપમાં બે સૂર્ય છે. જે એક સૂર્ય આજે આવ્યો તે પરમ દિવસે પાછો આવશે. કાલે બીજો સૂર્ય આ ક્ષેત્રે આવશે. તે સૂર્ય તો બહુ થોડા ક્ષેત્રને પ્રકાશે છે.

આપ ત્રણ લોકને એકીસાથે પ્રકાશો છો. એક સમયનું કેવળજ્ઞાન ત્રણ લોકને જાણી લ્યે છે. સૂર્યના તેજને ઘાટા વાદળાં ઢંકાવા દેતા નથી તેમ કર્મરૂપી વાદળાં આપને રોકવા સમર્થ નથી તેમ આવા સમસ્વભાવી ચૈતન્યનું ભાન છે અને ભક્તિનો શુભરાગ ઊઠે છે ત્યાં પુણ્ય બંધાય ને તેથી ભવિષ્યમાં દેવનો ભવ મળી જશે ને રાગનો અભાવ કરી પૂર્ણદશા પ્રગટ કરશે.

આપે પૂર્ણ સ્વભાવના અવલંબને પૂર્ણ દશા પ્રગટ કરી તેને ચંદ્રમાની ઉપમા હોઈ શકે નહીં એમ હવે કહે છે :

મોહાંધકાર દળનાર સદા પ્રકાશી,
રાહુમુખે ગ્રસિત ના, નહિ મેઘરાશી;
શોભે તમારું મુખપદ્મ અપાર રૂપે,
જેવો અપૂર્વ શશિ લોક વિષે પ્રકાશે. ૧૮.

હે નાથ! આપનું મુખકમળ એક વિલક્ષણ ચંદ્રમા છે, સદા ઉદયરૂપ મોહાંધકાર-નાશક, રાહુથી ન ઢંકાય એવું સાતિશય કાંતિમાન તથા સંસારને પ્રકાશિત કરનાર એવા અનુપમ મુખરૂપી ચંદ્રથી આપ શોભિત છો.

તીર્થંકરના પુણ્ય પણ અનુપમ અજોડ અને ઉત્કૃષ્ટ હોય છે

આપે જ્ઞાનસ્વભાવની સાવધાનીથી અંધકારનો નાશ કર્યો છે તથા બીજા ભવ્ય જીવોને મોહ અંધકાર નાશ કરવામાં નિમિત્ત છો. વળી ચંદ્રની નીચે ઘાટા વાદળાં આવે તોપણ ચંદ્ર ઢંકાય નહિ પરંતુ આપનો જ્ઞાનાનંદ સ્વભાવ ખીલ્યો, પૂર્ણ-વિકાસરૂપ

થયો તે કદિ કોઈથી ઢંકાય નહિ. આમ આપના આત્માને તથા આપના શરીરને જગતના કોઈ પદાર્થની ઉપમા લાગુ પડતી નથી.

જુઓ પરમાત્માની દશા! લાખો વર્ષ કેવળજ્ઞાનદશામાં શરીર સહિત રહે છતાં ભગવાનને આહાર-પાણી ન હોય. જે વીતરાગ દેવને આહાર-પાણી લેનારા માને છે તેઓ નથી સમજતા પવિત્રતાને અને નથી સમજતા પુણ્યને. જ્યાં સમ્પૂર્ણ વીતરાગતા છે. ૧૮ દોષ રહિત થયા છે, અનંત વીર્ય પ્રગટ્યું છે, તેને કહેવું કે ભગવાન શરીરને ઠીક રાખવા આહાર-પાણી લ્યે છે! તો એમ માનનારને નિશ્ચય-વ્યવહારની ખબર નથી. અર્હંત્-દેવનું સ્વરૂપ લોકો અનેક પ્રકારે વિકૃત માને છે, પણ તેવું નથી. જેને વીતરાગતા અને કેવળજ્ઞાન પ્રગટ્યું છે તેમને બાહ્યમાં પરમ ઔદારિક શરીર હોય, ઉપસર્ગ ન હોય. પરંતુ તેઓ જમીન ઉપર ચાલે કે યક્ષના મંદિરમાં અથવા કુંભારના હાટમાં ઉતારો કરે એમ માને છે તેઓ વાસ્તવિકતાને સમજતા નથી. સમ્યગ્દર્શન-જ્ઞાનના આરાધક જીવના પુણ્ય પણ અદ્‌ભુત હોય છે. અત્યારે તો પુણ્યવંત રાજા પણ જોવા મળતા નથી. પ્રજા પાસેથી કરવેરો ન લે પણ દાનાદિ સંપતિ આપે એવા રાજા જોવા ન મળે તો પછી સર્વજ્ઞદેવ ને તેની ધર્મસભા જોવા મળે કયાંથી?

તીર્થંકરદેવના સમવસરણ (ધર્મસભા)માં સિંહ અને નાગ, ઇન્દ્રો અને અસંખ્ય દેવો સાંભળવા આવતા હોય છે. ભગવાનને કેવળજ્ઞાન થયાં પહેલાં, જન્મ થયા પહેલાં માતાના મહેલ પાસે રત્નોની હંમેશાં રત્નવૃષ્ટિ થાય અને મુનિદશામાં જેને ત્યાં આહાર લેવા જાય ત્યાં પાંચ આશ્ચર્ય થાય. આકાશમાંથી દેવો (૧) પુષ્પવૃષ્ટિ કરે (૨) રત્નોની વર્ષા થાય (૩) દેવદુંદુંભી વાજિંત્રો વાગે (૪) મહા ઉત્તમ સુગંધમય જળના છાંટણાં વરસે (૫) દેવો જયજયકારના શબ્દો કરે, અહો મહાદાન! એમ કહી દેવો ખુશી મનાવે.

આવા પુણ્યની ખબર નથી અને કેવળજ્ઞાની અને તેના સ્વરૂપમાં શંકા કરે તેને પવિત્રતાની ખબર નથી, પુણ્યના ઉત્કૃષ્ટ સ્વરૂપની શ્રદ્ધા પણ નથી. તીર્થંકરના જન્મ-કાળે રત્નો પણ વરસે છે, તે રત્નો જુદી જાતના હોય છે. શ્રી નેમિનાથ ભગવાનના જન્મ વખતે દેવોએ અપાર રત્નો વરસાવેલ, તે રત્નો કોઈ વ્યાપારી જરાસંઘ પાસે લઈ જાય છે. જરાસંઘ પૂછે છે ને જવાબ મળે છે કે શ્રી નેમિનાથ ભગવાનના જન્મ વખતે રત્નોની વૃષ્ટિ થઈ હતી, જરાસંઘ મંત્રીને પૂછે છે કે આ રત્નોનો વરસાદ જેના કારણે થયો એવા પુણ્યવંત કોનો જન્મ થયો? મારાથી કૃષ્ણ વિગેરે વધી ગયા? મંત્રી કહે છે કે-અમોને ખબર છે પણ આપ તોફાન કરશો તો આપ તેમને પહોંચી શકશો

નહીં. ઇન્દ્રો તથા દેવો તેની મદદમાં છે. જરાસંઘને ઈર્ષા થાય છે કે હું ત્રણ ખંડનો ધણી છું, હજારો દેવો સહાયમાં છે છતાં મારે ત્યાં આવા રત્નો નથી. જુઓ, તીર્થંકરના જન્મ વખતે આવા પુણ્ય હોય છે તો પછી કેવળજ્ઞાનની શી વાત!

ધર્મસભામાં આપની મુખમુદ્રા એકરૂપ સ્થિર હોય છે અને વિહારકાળે પણ એમ જ સ્થિર હોય છે. સ્વભાવની એકાગ્રતા કરી, મોહનો નાશ કરી આપે જે કેવળજ્ઞાન અને પરમ આનંદ દશા અંતર પ્રભુત્વ શક્તિની આધારે પ્રગટ કરી છે તે પ્રગટ રીતે એવી ને એવી રહે છે. આપના મુખનો પ્રકાશ હજારો ચાંદના પ્રકાશ જેવો છે. પુણ્યના ફળમાં સ્વર્ગના દેવોને મહાન પ્રભાવંત શરીર હોય છે પણ આપના શરીર આગળ તેમના પ્રકાશ પાછા પડે છે.

શું રાત્રિમાં શશિ થકી દિવસે રવિથી,
અંધારું તુજ મુખચંદ્ર હરે પછીથી!
શાલિ સુશોભિત રહી નીપજી ધરામાં,
શી મેઘની ગરજ હોય જ આભલામાં? ૧૯.

હે નાથ! આપનું કેવળજ્ઞાન તો સર્વોત્તમ છે, મુખચંદ્રનો પ્રકાશ પણ સર્વોત્તમ છે.

હે નાથ! હે સ્વામિ! આપના જ્ઞાનના પ્રકાશથી ચૈતન્યસૂર્ય ઊગી ગયો એટલે અસહાય ક્ષાયિકજ્ઞાનને કોઈની અપેક્ષા લાગુ પડતી નથી. હે ત્રિલોકનાથ! જેમ અનાજ પાકી ગયા પછી વર્ષાની જરૂર નથી તેમ આપના મુખચંદ્ર દ્વારા જ્યાં અંધકારનો નાશ થયો ત્યાં સૂર્ય-ચંદ્રથી શું? યુગલિયાના કાળમાં જ્યારે પુણ્ય ઓછા થવા લાગ્યા અને કલ્પવૃક્ષનો પ્રકાશ ઘટ્યો ત્યારે સૂર્યાસ્તનો દેખાવ અને ચંદ્ર ઉદયનો દેખાવ જોઈને લોકોને ભય લાગ્યો કે આ શું? ત્યાં ઋષભદેવ ભગવાનના પિતા નાભિરાયા સમજાવે છે કે ભાઈ! કલ્પવૃક્ષ જ્યારે પૂર્ણ તેજસ્વી હતા ત્યારે તેના તેજમાં સૂર્ય-ચંદ્ર ઢંકાઈ જતા હતા તેથી તે દેખાતા ન હતા. હવે પુણ્ય ઘટ્યા, વૃક્ષનું તેજ ઘટ્યું, તેથી તેઓ દેખાય છે પણ તેનાથી ભય પામવા જેવું નથી. યુગલિયાને પણ સૂર્ય-ચંદ્રની જરૂર ન પડે એવા પ્રકાશવાન વૃક્ષ હોય છે તો પછી તીર્થંકરના પુણ્યની શી વાત? હે નાથ! આપના દ્વારા જ્યાં અંધકારનો નાશ થયો તો પછી સૂર્ય-ચંદ્રની શી જરૂર છે? અનાજ પૂરેપૂરું પાકી ગયા પછી વાવવાની શી જરૂર છે?

મુનિ છઠ્ઠા ગુણસ્થાનકે હોય ને તીર્થંકર ભગવાન ગૃહસ્થદશામાં પંચમ ગુણસ્થાનકે હોય છતાં મુનિને કોઈ સંદેહ ઉપજે તો ભગવાનને દૂરથી જોતાં જ સમાધાન થઈ જાય છે. તીર્થંકરના પુણ્ય અને પવિત્રતા પણ અચિંત્ય અને અનુપમ છે.

હવે જ્ઞાનની વાત કરી છે. અનંતા દ્રવ્યોની ગયા કાળની પર્યાયો, ભવિષ્યની અનંતી પર્યાયો અને વર્તમાન પર્યાયો બધીને કેવળજ્ઞાન પહોંચી વળે તેવું જ્ઞાન આપને જ પ્રગટ્યું છે. બીજા કોઈ અન્યમતિને એવું જ્ઞાન પ્રગટ્યું નથી. જો પ્રગટ્યું હોય તો જિનેશ્વર દેવથી વિરુદ્ધ લક્ષણ તેમાં હોય નહિ એમ હવે કહે છે :

શોભે પ્રકાશ કરી જ્ઞાન તમો વિષે જે,
તેવું નહીં હરિહરાદિકના વિષે તે;
રત્નો વિષે સ્ફુરિત તેજ મહત્ત્વ ભાસે,
તેવું ન કાચ કટકે ઉજળે જણાશે. ૨૦.

સમસ્ત વિશ્વના જ્ઞાતા હોવાથી આપનું જ્ઞાન સમ્પૂર્ણ શોભાને પ્રાપ્ત છે.

આપના જ્ઞાનની પૂર્ણતામાં સમસ્ત વિશ્વની બધી પર્યાયો જાણવામાં પ્રાપ્ત થઈ છે. જુઓ આ કેવળજ્ઞાનની મહિમા ! અનંતા પદાર્થોની આ ઠેકાણે આ અવસ્થા થશે એમ કેવળજ્ઞાન જાણે છે. એવી ઉત્કૃષ્ટ પૂર્ણ પર્યાયને પ્રાપ્ત જ્ઞાન છે, સાથે કેવળ જ્ઞાનમાં આપની તેમજ બધાની સમય સમયની પર્યાય જાણી લીધી છે—એવું આપનું સમજ્ઞાન વિશ્વમાં શોભાયમાન છે.

આપના જ્ઞાન પાસે બીજાની કાંઈ પણ મહત્તા નથી.

જેને કેવળજ્ઞાન હોય તેને સ્ત્રી, વસ્ત્ર-પાત્ર, માળા, ઘરેણાં હથિયારાદિ ન હોય.

જેને કેવળજ્ઞાન હોય તેને શરીરની નગ્ન દશા હોય,

જેને કેવળજ્ઞાન હોય તેને રાગ ન હોય, રોગ પણ ન હોય.

જેને કેવળજ્ઞાન હોય તેને ક્ષુધા-તૃષાદિ ૧૮ દોષ ન હોય.

જેને સ્ત્રી હોય, રોગ-ઉપસર્ગ હોય, તે દિવ્ય શક્તિવાળા કેવળજ્ઞાની નથી, તે તો આપની પાસે કાચના કટકા જેવા છે. ભગવાનને ઇચ્છા વિના જ અનક્ષરી દિવ્ય ધ્વનિ હોય છે. તેમને કંઠ, હોઠ હલ્યા વિના સર્વાંગથી વાણી છૂટે છે. આપણે ક્રમે બોલીએ એવી ભાષા તેમને ન હોય. જેને ક્રમિક ખંડ ખંડ ભાષા હોય તેને ખંડ ખંડ જ્ઞાન વર્તે છે. જેને અખંડ જ્ઞાન વર્તે છે તેને અખંડ વાણી હોય. એક સમયમાં બાર અંગ ચૌદ પૂર્વનું રહસ્ય તેમની વાણીમાં આવે છે.

કાચના કટકાની શોભા મણિ પાસે નથી તેમ આપના પૂર્ણ કેવળજ્ઞાનનો પ્રકાશ છે તેની મહત્તા પાસે બીજા સાંખ્યાદિની મહત્તા નથી. પુણ્યવંત રાજા હોય અને સિંહ પર સવારી કરે તેથી તેની મહત્તા શી? તેમ સિંહ ને વાઘ ઉપર કોઈ દેવી બેઠેલી હોય

તો તેથી તેની મહત્તા શી? હાથમાં ત્રિશૂળ હોય પણ તેથી શું? કોઈ કુળમાં દેવ થાય તે ખરેખર દેવ નથી, દિવ્ય વીતરાગતા જેને પ્રગટી છે તે જ સાચા દેવ છે. આપની સવારી પૂર્ણાનંદ દશા ઉપર છે, આપને રાગ નથી, જરાય વિકાર નથી, એકધારી અનક્ષર વાણી છે, કોઈ વ્યક્તિને ઉદ્દેશીને વાણી કરતા નથી. કેટલાક જીવો અંબાજી, ચક્રેશ્વરી, ભવાની, બૂટમાતા, શિકોતરી, શીતળા આદિને માને છે ને બચાવ કરે છે કે લૌકિક ખાતર જરૂરી છે. છોકરાને વાનો રોગ છે તેથી બૂટમાતાની માનતા માની છે. કોઈ વાંજિયાપણું ટાળવા માનતા કરે છે. એવા મૂર્ખા ગામદીઠ હોય છે. કોઈ ઠેકાણે વ્યંતર આદિ આવતા હોય છે તો તેને માને-વંદન કરે તે મિથ્યાદષ્ટિ છે. અજ્ઞાની જીવો જ તેની માન્યતા કરે છે.

અમે જગતના કર્તા-રક્ષક-સંહારક છીએ એમ માને છે તે મિથ્યાદષ્ટિ છે, મિથ્યા-માન્યતા છે, ભ્રમ છે. પુણ્યના લીધે સુખ માને તે ચૈતન્યસ્વભાવને જાણતા નથી. પૂર્વના પુણ્યના લીધે જશ-પ્રતાપ-આબરૂ વગેરે પ્રભુત્વ દેખાય પણ આપની પાસે તેની જરાય મહત્તા નથી. આપ તો લોકાલોક જાણનાર છો. જુઓ આ કેવળજ્ઞાનીની ભક્તની સમજણ! જેને રાગ-દ્વેષાદિના ચિહ્ન પ્રત્યક્ષ દેખાય છે, વેરીઓને મારવા ને તેની ભક્તિ કરનાર પ્રેમીને પાળવા તે લક્ષણ રાગીના છે; ઇશ્વર-પરમાત્માનું એવું સ્વરૂપ નથી. હે સર્વજ્ઞ! સ્વ-પર પ્રકાશક નિર્મળ જેવું જ્ઞાન આપમાં છે તેવું જ્ઞાન બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આદિ કોઈ અન્ય દેવોમાં નથી, કેમ કે તેજની સાચી શોભા મહામણિમાં જ હોય છે, કાચના ટુકડામાં નહિ.

માનું રૂડું હરિહરાદિકને દીઠા તે,
દીઠે છતે હૃદય આપ વિષે ઠરે છે;
જોવા થકી જગતમાં પ્રભુનો પ્રકાશ,
જન્માન્તરે ન હરશે મન કોઈ નાથ. ૨૧.

હે નાથ! એ પણ ઠીક થયું કે મેં કુદેવાદિનું સ્વરૂપ જાણી લીધું, કેમ કે તેનામાં રાગ-દ્વેષ મોજુદ છે, કેવળજ્ઞાન પ્રગટયું નથી. હવે મને તે વિપરીત સ્વરૂપમાં સત્યપણાનો ભ્રમ નહીં થાય, પૂર્ણ વીતરાગી જન્મ-જરા-ક્ષુધા-તૃષા વિસ્મય, અરતિ-ખેદ-રાગ-દ્વેષ-શોક-મૂર્છા-નિદ્રા-મોહ-મદ-સ્વેદ-રોગ-મરણ-ભય એ અઢાર દોષો હોતા નથી. એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવને તથા ત્રણ કાળ, ત્રણલોકના સર્વ ભાગને જેણે જાણી લીધા તે કેવળજ્ઞાન છે. તેનું દિવ્યજ્ઞાન અને તેની વાણી અલૌકિક છે. તેનું શરીર પણ અલૌકિક છે, એવું બીજાનું હોતું નથી.

દુનિયા કહે છે કે ભગવાને જગતને કર્યું તો તેઓ ત્રિકાળના વેતા ( જ્ઞાતા ) હતા કે નહીં ? વસ્તુ હતી તો કર્યું શું ? વસ્તુ ન હતી તો કોનો જ્ઞાતા ? આ વસ્તુ રચીને પછી જાણ્યું એમ માનો તો તમારા ઈશ્વરને કેવળજ્ઞાની માનવામાં વિરોધ આવે છે. માટે તાત્ત્વિક ન્યાય પરીક્ષાથી કુદેવાદિને અને લૌકિકજનો દ્વારા માન્ય હરિ-હરાદિક મેં જાણી લીધા તે સારું કર્યું છે. હવે મારું મન બીજે કયાંય ઠરશે નહીં.

જૈન પરમેશ્વરની મહાનતા એ છે કે તેઓ અનંત આત્મા માને છે, દરેક આત્મા પરિપૂર્ણ થવાને લાયક બતાવે છે. અન્ય મતમાં કથા છે કે અહીં દાન કરો તો વૈકુંઠમાં ભગવાન પાસે જશે, ત્યાં શરીર રૂપાળા મળશે, જમવાની પતરાવળી સારી રસોઈથી ભરેલી મળશે; એવી બધી કામ-ભોગ-બંધનની કથા છે. અહીં મુક્તદશાની વાત છે. બધાની સ્વતંત્રતા જાહેર કરી કે બધા આત્મા પૂર્ણ છે. જ્ઞાન અખંડ હોવાથી જ્ઞાનનું સામર્થ્ય પૂર્ણ છે.

દરેક જીવમાં પરિપૂર્ણ શક્તિ છે. અમારી ભક્તિથી રાગ થાય છે, પુણ્ય થાય છે, ધર્મ થતો નથી, એમ સર્વજ્ઞનો ઢંઢેરો છે. તમારામાં પૂર્ણ જ્ઞાન-આનંદ પડયા છે, તેની શ્રદ્ધા-જ્ઞાન કરી અંતરમાં ઠરો. દરેક આત્મા પરિપૂર્ણ છે એમ પરિપૂર્ણ થયેલાએ જાહેર કર્યું છે.

જે અધૂરા અને ઓશિયાળા દેવ હોય તો તે પૂર્ણતા પામેલા નથી, આમ જાણીને મેં આપ જ સર્વજ્ઞ વીતરાગ છો એમ ઓળખાણ કરી છે. વ્યવહારથી આપનામાં અને નિશ્ચયથી મારામાં સંતોષ છે, બીજે કયાંય મારું મન ઠરતું નથી. માટે મારે સંસાર નથી. બીજાનું માહાત્મ્ય આવતું નથી, બીજા દેવ ઉપર લક્ષ જાતું નથી, જશે નહીં.

આપની દિવ્ય શક્તિનો દિવ્ય પ્રકાશ પ્રકાશતાં હવે એક બે ભવ હોય તો હોય, અમારે બીજે લક્ષ જાશે નહિ, બીજા દેવ-શાસ્ત્ર-ગુરુને વંદન કરીશું નહીં.

હે નાથ ! મેં અપૂર્વ દ્રષ્ટિથી આપને જોયા છે, આપને સાંભળ્યા છે. આપે જ પૂર્ણતાની વાત કરી છે. અમારામાં પૂર્ણશક્તિ છે ને પૂર્ણતા પ્રગટ કરીશું, તેથી અધૂરાશ અને વિરુદ્ધતા બતાવનારાઓમાં મન જાશે નહિ.

હે નાથ! આપે ભારે જાદુગરી કરી. હવે કોઈ પણ સમયે રાગમાં, પુણ્યમાં, નિમિત્તમાં અમે સંતોષ માની અટકવાના નથી તથા કુદેવ, કુશાસ્ત્રના સંસ્કાર આવવાના નથી અને અપ્રતિહત ભાવે અલ્પકાળે કેવળજ્ઞાન લઈ તમારી જેવા થવાના છીએ.

—*—

[ ક્રમશઃ ]

તા. ૨-૩-૯૨

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આપણા આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ સવાર-બપોર-સાંજ ત્રણેય ટાઈમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેપ-પ્રવચન સહિત નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો–ટેપ

પ્રાતઃ : જિનેન્દ્રદર્શન-પૂજા

સવારે ૮–૪૫ થી ૯–૪૫ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર પર (૧૩મી વખતનું) આધ્યાત્મિક ટેપ–પ્રવચન

સવારે ૧૦–૦૦ થી ૧૦–૪૫ : પુરુષો માટે બ્ર. ચંદુભાઈ દ્વારા શ્રી પ્રવચનસાર ઉપર શિક્ષણવર્ગ

બપોરે ૩–૦૦ થી ૪–૦૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર–કળશટીકા પર આધ્યાત્મિક ટેપ–પ્રવચન

બપોરે ૪–૦૦ થી ૪–૧૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્વાધ્યાયમંદિરમાં સ્તુતિ

બપોરે ૪–૧૫ થી ૫–૦૦ : જિનેન્દ્રભક્તિ

સાંજ ૭–૩૦ થી ૮–૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પરમાત્મપ્રકાશ પર ભાવવાહી ટેપ-પ્રવચન

રાત્રે ૮–૪૫ થી ૯–૪૫ : ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમમાં પૂજ્ય બહેનશ્રીના આવાસ પર મહિલા–શાસ્ત્રસભા

નીચેનાં પુસ્તકો રીપ્રીન્ટ થઈને આવી ગયા છેઃ—

(૧) દશલક્ષણધર્મ......કિંમત રૂા ૬/–

(૨) જિનેન્દ્રસ્તવનાવલી....કિંમત રૂા. ૫/–

(૩) નિયમસાર હિન્દી....કિંમત રૂા. ૩૦/–

પુસ્તકની વેચાણ કિંમતમાં ૧૦ % ડિસ્કાઉન્ટ શ્રી કલાવંતીબેન હસમુખલાલ વોરા તરફથી તેમ જ ૧૦ % ડિસ્કાઉન્ટ ભાવનગર ખાદીવાળા પરિવાર તરફથી આપવામાં આવે છે.

* વઢવાણ–પંચકલ્યાણક–મહોત્સવના સમાચાર આવતા અંકમાં આપવામાં આવશે.

અધ્યાત્મ-તીર્થક્ષેત્ર સુવર્ણપુરીમાં

અનંત-ઉપકાર-મૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીનો

# 卐 ૧૦૩મો જન્મજયંતી–મહોત્સવ 卐

અનંત-ઉપકાર-મૂર્તિ તારણહાર કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૩મી જન્મજયંતીનો મંગલ-મહોત્સવ તા. ૩૦–૪–૯૨, ગુરુવારથી વૈશાખ સુદ બીજ તા. ૪–૫–૯૨, સોમવાર—પાંચ દિવસ સોનગઢમાં 'શ્રી ચૌંસઠ-ઋદ્ધિમંડલવિધાનપૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ટેપ-પ્રવચનો, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન તેમજ પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા, ધાર્મિક શિક્ષણ-વર્ગ આદિ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમ દ્વારા આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનો ૧૦૩મો જન્મજયંતી-મહોત્સવ પોતાના તરફથી સોનગઢમાં ઉજવવા માટે રાજકોટ નિવાસી શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર પરિવારે શ્રી દિ. જૈન સ્વાધ્યાય-મંદિર ટ્રસ્ટ સમક્ષ વિનંતી કરતાં, તેમની ગુરુભક્તિને લક્ષમાં લઈને, તેઓને સહર્ષ સ્વીકૃતિ આપવામાં આવતાં, આ મંગલ મહોત્સવ સોનગઢમાં ઉજવવાનો લાભ રાજકોટ નિવાસી શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર–પરિવારને મળશે.

આ મંગલ-મહોત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા માટે સમસ્ત ગુરુભક્ત મુમુક્ષુઓને શ્રી કામદાર પરિવાર તરફથી હાર્દિક નિમંત્રણ છે. આવાસ તેમ જ ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક છે. નિમંત્રણ-પત્રિકા યથાસમયે મોકલી આપવામાં આવશે.

—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

---

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીમાં વિદ્યાર્થીઓ માટે—

# ✻ ધાર્મિક શિક્ષણવર્ગ ✻

વિદ્યાર્થીઓ માટેનો ધાર્મિક શિક્ષણવર્ગ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૩મી જન્મજયંતીના શુભ-અવસરે તા. ૩૦–૪–૯૨, ગુરુવારથી તા. ૧૯–૫–૯૨, મંગળવાર—વીસ દિવસ સુધી રાખવામાં આવ્યો છે.

## ✻ દ્રવ્યદૃષ્ટિ કર ✻

દ્રવ્ય પર દૃષ્ટિ કરવી તે જ કરવાનું છે. તેના ઉપર દૃષ્ટિ કરવાથી, વારંવાર તે તરફનો અભ્યાસ કરવાથી અને ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવાથી, વિકલ્પથી ખસીને જે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ થાય છે તે મુક્તિનો મારગ છે એમ ગુરુદેવે બતાવ્યું છે.

—પૂજ્ય બહેનશ્રી

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'

56 Smt. Kantaben M. Ajmera
Modi No. 2, Sita Burdy,
N PUR 0012